HALRADAM

MEGHANI, J. K.

હાલરડાં

સંપાદક
ઝવેરચંદ મેઘાણી

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર, (બી. એસ. રેલ્વે.)

જૂન ૧૯૨૮
આવૃત્તિ પહેલી : પ્રત એક હજાર
મૂલ્ય ચાર આના

મુદ્રક અને પ્રકાશક
અમૃતલાલ દલપતભાઇ શેઠ
સૌરાષ્ટ્ર મુદ્રણાલય
ગીબરોડ, રાણપુર.

વાત્સલ્યના સૂરો વિહોણા
આધુનિક ગુર્જર કવિઓને
અર્પણ

ભેટ

....બ્હેનને

....ભાઇને

....

તરફથી

તિથિ

નિવેદન

આમાંનાં કેટલાંક હાલરડાં રઢીયાળી રાત ભાગ બીજામાં બહાર પડેલાં છે. બીજાં કેટલાંક જડી આવ્યાં, તે ભેળવીને આ અલાયદો સંગ્રહ કરેલ છે.

અલાયદો સંગ્રહ એ હેતુથી કે એક સ્વતંત્ર વિષય તરીકેની એની મહત્તા બતાવી શકાય; અંગ્રેજી મરાઠી, સંસ્કૃત વગેરે હાલરડાં સાથે સરખાવી તેનો તુલનાત્મક પ્રવેશક આપી શકાય; તથા હાલરડાંની ધારા વ્હેતી રાખવાની અગત્ય સમજાવી શકાય.

આજે માતાઓ નવાં હાલરડાં માગે છે. જૂનાંને વિસરી ગઇ છે. એ વિસ્મૃતિ ટળો ! અને નવાં રચવાની પ્રેરણા કોઇ માતૃપ્રેમી કવિને મળો !

એક બીજો આશય એ હતો કે નજીવી કિંમતે આવી રમકડાં જેવી ન્હાની સ્વતંત્ર પુસ્તિકાને આપણી માતાઓ બ્હેનો જલ્દી ખરીદી શકે, અને સહેલાઇથી વાપરી શકે.

ગીત ૧૪ : ૧૫ : ૧૬ : હાલરડાં નથી, પણ સરત-ચૂકથી સંગ્રહમાં પેસી ગયાં છે.

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
૧ : ૬ : '૨૮ } સંપાદક

સાંકળિયું

		પૃષ્ઠ
	વાત્સલ્યના સૂરો (પ્રવેશક)	૧–૪૧
	નાનું સરીખડું (ગીત)	૪૨
૧	દેવનાં દીધેલાં	૧
૨	પોઢોને	૩
૩	બહુ વા'લો	૪
૪	હાલરડું વા'લું	૫
૫	બાળા પોઢોને	૮
૬	વીર ! સૂઇ જા	૯
૭	નીંદરડી તું આવે જે	૧૧
૮	હાલો વાલો રે	૧૨
૯	હાં...હાં હાલાં	૧૭
૧૦	સૈયરમાં રમે	૨૪
૧૧	દાદાની દીકરી	૨૫
૧૨	આવજો માવા	૨૯
૧૩	મારી ગાવડી દોવા	૩૧
૧૪	વાછડલી હરેડી	૩૨
૧૫	ગાવડી દો	૩૩
૧૬	ભોળી જમના	૩૫
૧૭	જનેતાના હૈયામાં	૩૬
૧૮	મારા કાનકુંવરની ઝૂલડી	૪૦
૧૯	કાનાની પછેડી	૪૨
૨૦	નંદકિશોર	૪૫
૨૧	પારણીયામાં પોઢયા	૪૬
૨૨	માતા અનસૂયા ઝૂલાવે	૪૮
૨૩	થેઇ ! થેઇ !	૫૧
૨૪	જુગના આધાર	૫૩

વાત્સલ્યના સૂરો

સાવ રે સોનાનું મારૂં પારણીયું
　　ને ઘૂઘરીએ ઘમકાર, બાળા પોઢોને!
ચાર પાયે ચાર પૂતળીયું
　　ને મોરવાયે બે મોર, બાળા પોઢોને!

§

કઇ સુભગ ઘડીએ પ્રભુએ માતાના દેહમાં બાલક મેલ્યું, વિશ્વકર્માએ સૂતારની કલ્પનામાં પારણું મેલ્યું, અને સરસ્વતીએ કવિનાં કંઠમાં હાલરડું મેલ્યું!

એ ત્રણે નાનકડી કૃતિઓમાં ઇશ્વરી સૃજનકલાનો મોટો વિજય અંકાયો છે. ત્રણેના સમુચ્ચયમાં એક સિદ્ધિનું દર્શન થાય છે. ત્રણમાંથી એક લઇ લ્યો, ને આખી કૃતિ ખંડિત લાગે છે. ત્રણેનો સામટો સંયોગ આપણા ઘરસંસારને અનેરી શોભા, અનોખી મીઠપ આપે છે. જનેતાનું જીવન જીવવા જેવું—દુઃખોના મોટા જૂથની સામે પણ મીઠાશથી જીવવા જેવું બનાવે છે. ગૃહ-જીવનમાં ને દંપતિ-સંસારમાં એ અમૃત સીંચે છે. બાલકના કુણા શરીર પર સ્પર્શ કરતી કરતી કાલાં જોડકણાં ગાતી માતા જાણે કે પોતાના પતિના જ સ્પર્શની પુલક અનુભવે છે. એને પોઢાડતી વેળા પણ જાણે પોતાના પતિને જ પોઢાડતી હોય એવી ઉર્મિ અનુભવતી

જનેતા ત્યાં હાલરડાનું સંગીત છાંટે છે. બાલક પારણું અને હાલરડું: એ પતિ તરફના હેતમાં નવું પોષણ ટપકાવે છે. લગ્ન-જીવનની શરૂઆતમાં ફાટ ! ફાટ ! થતો દંપતિ-પ્રેમ સંસારના ટાઢા પવનથી પછી જ્યારે ધીરે ધીરે થીજી જાય છે, ત્યારે ફરીવાર એને ઓગાળી પીગાળી પ્રેમનાં પૂર ઉછળાવનાર સૂર્યકિરણો તે આ ત્રણ છે : બાલક પારણું ને હાલરડું. એને કોઇ અપમાનશો મા ! અવગણશો મા !

બાળકડું નવ મારીએ રે
પારણાનો રખેવાળ મારા !

પારણે બાળક ઝૂલાવતી માતા જાણે કે આ તોફાની 'પંચમહાભૂત' બાલકને બ્રહ્માંડ-પારણામાં હીંચોળતી જગ-જ્જનનીનું નાનું શું સ્વરૂપ છે, આછેરૂં પ્રતિબિમ્બ છે. રડતા ને પછાડા મારતા આ વિશ્વ-પ્રાણને વિરાટ પારણામાં હીંચતાં બે ઘડી શાતા વળે છે. એનું નયન બે ઘડી નિદ્રામાં બીડાય છે. જગદમ્બા જાણે એને ઝંપાવવા માટે આ વાયુ, વર્ણો, સુગંધો અને સુસ્વાદો રૂપી સૂરોનું હાલરડું જ નિરંતર ગાઇ રહી છે.

એ હાલરડાંના સૂર આ પૃથ્વીને આરે ઉતર્યા. શિષ્ટમાં શિષ્ટ યુરોપીય જનેતા અને કાલી ઘેલી મનાતી હિન્દી માતા, બન્નેને કંઠેથી હાલરડાં ઉઠયાં. શબ્દો જૂદા, પણ સ્વરો એક જ સરખા :

હાલા વાલાં !
હાં...... હાલાં !

ઓળોળોળો હાં... હાંલાં !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય !

એ ગુર્જર સૂરો : તેની સામે મૂકો યુરોપી સૂરો :

Balow, la-low !
Lulla-la lulla, lulla, lullaby !

Shu heen Sho, lulo lo !
O ho ro, i ri ri, cadul gu lo !

સર્વમાં એક જ લ્હેકો : એક જ ગોઢણ-સ્વર : કેમ કે માતૃત્વ એક જ છે. જાતિના ભેદો એને કદિ રૂંધી શકશે નહિ. બાલક સર્વત્ર એક જ અને ભેદ રહિત છે. જગતની નિર્દોષમાં નિર્દોષ કૃતિ તે બાલક છે. જગતનું મહા પૂણ્ય તે એનું લાલન પાલન છે. પારણું અને હાલરડું એ લાલનનાં નિર્દોષ સાધનો છે.

હાલરડાંનો પ્રથમ જન્મ

આપણે ત્યાં કૃષ્ણની બાળ-લીલા : અને યુરોપમાં ઇસુના શૈશવ-ખેલ : બન્નેમાંથી માતાઓએ વાત્સલ્યનાં પોષણ લીધાં. બન્ને દ્વારા બાળક પ્રભુના ભુવન સાથે જોડાયું. હિન્દુ માતાઓને કનૈયાનું બાલ સ્વરૂપ જેટલું સ્પર્શી શક્યું છે તેટલાં એનાં અન્ય સ્વરૂપો નથી સ્પર્શ્યાં. કૃષ્ણ એટલે એક આદર્શ બાળક : દેવમંદિરોમાં રોજ રોજ એના હીંડોળા હીંચોળાય છે, પારણાં ઝુલાવાય છે. વૈષ્ણવોને વ્હાલામાં વ્હાલી મૂર્તિ ઘુંટણભર ચાલતા બટુકડા લાલજી મહારાજની છે. અને એ બાળગોપાળ એટલે ગરી·

બમાં ગે ગરીબ માતાનો બેટડો. એની ક્રીડા, એની લીલા, એની માખણચોરી, દોણીફોડની મસ્તી, થેઈ ! થેઈ ! પગલીઓ, આકાશી તારાનાં રમકડાં ઉતારવાની માગણી ! એ બધા શિશુખેલ. રાયથી રંક સુધી સમસ્ત ઘરોનાં બચ્ચાંમાં સ્વયંસ્ફુરિત હોય છે. માટે જ કૃષ્ણની બાળ-લીલાનાં ગાન તે તમામ બાળકોની બાળ-લીલાનાં ગાન છે. માટે જ આપણાં ઘણાં ખરાં લોક-હાલરડાં કૃષ્ણને સંબોધી ગવાયાં છે.

જૈનોમાં પણ તીર્થંકરોની માતાનાં ગર્ભાધાન : ગર્ભિણી માતાનાં સોળ સ્વપનાં : બાલ તીર્થંકરનો જન્મોત્સવ : એનાં ગીતો, વગેરે વધુ મહિમાવંત હોય છે. ત્રિશલ્યાના કુમાર મહાવીરનાં હાલરડાં હોંશે હોંશે ગવાય છે.

અને ઇસુ પણ જાણે બાલકોના જ ઉદ્ધાર માટે આવ્યો હતો. એ તારણહારને મોટી વયે પણ બચ્ચાંઓ જ વધુ વ્હાલાં હતાં. Suffer little Children to come unto me : નાનાં બચ્ચાંને મારી નજીક આવવા દેજો ! એ એનું મહાવાક્ય મનાયું છે. અને જેમ માઇકેલ એંજેલો, રાફેલ, ઇત્યાદિ કલાધરોએ કુમારી માતા મેરીના ખોળામાં ખેલતા બાલ-ઇસુની કલ્પના ઉત્કૃષ્ટ રંગે રંગી ચિત્રપટ પર ઉતારી છે, તેમ ત્યાંના કવિઓએ પણ કરૂણા-સ્વરે એ બાલ-પ્રભુનાં હાલરડાં ગાયાં છે. જેમ એક કૃષ્ણનો અવતાર ટાળવા માટે મામા કંસે દેવકીજીનાં તમામ બચ્ચાં મારવાનો આદેશ દીધેલો, તેમ એક ઈસુનું અસ્તિત્વ રદ કરવા માટે રાજા હેરોડે પ્રજામાં નવાં જન્મતાં એકેએક બાલકને હણવાની આજ્ઞા ફેરવેલી. પાપી રાજાનો નાશ

કરનાર બાલ રાજેન્દ્ર જનમ્યો છે, છુપો રહેવા માગતો નથી, મોટે સૂરે રડે છે, અને માતા મેરી એને ફોસલાવે છે કે

My sweet little baby, what meanest
thou to cry ?
Be still my blessed babe, though
cause thou hast to mourn
whose blood most innocent to shed the
cruel king has sworn :
And lo! alas! behold what slaughter he
doth make,
Shedding the blood of infants all sweet
Saviour for thy sake.
A king, a king is born, they say,
which king this king would kill,
O woe and woeful heavy day when
wretches have their will!
Lulla, la lulla, lulla lullaby.

[મારા પ્યારા નાના બાળ, શીદ રડે છે તું ? ચુપ રહે, પ્રભુના પ્યારા; જો કે રડવાનું તને કારણ છે."

"રાજાએ તારું નિર્દોષ લોહી રેડવાના શપથ લીધા છે.

"હાય રે! શી કતલ એણે આદરી છે!

"એક તારે ખાતર, ઓ તારણહાર ! તમામ બચ્ચાંનાં લોહી રેડાય છે.

"લોકો બોલે છે કે એક રાજેન્દ્ર જનમ્યો છે, જે આ રાજાને મારશે.

"ઓ નાથ ! કેવો દુર્દિન ! પાપીઓ સ્વચ્છંદે મ્હાલે છે.
લલ્લા ! લા લલ્લા ! લલ્લા લલ્લેબી !]

આપણા બાળ-કૃષ્ણને પણ માતાએ એ જ અર્થનાં હાલાં ગાયાં કે

રો મા ! રો મા ! રે બાળકા !
બારણે બેઠું છે હાઉ
બારણે બેઠું છે હાઉ

એ 'હાઉ' તે મામા કંસ:

અંગ્રેજ કવિ, જનેતાના સૂરો કાઢીને પુન: પણ એજ 'તારણહાર'નાં સંભારણાં હાલરડે ગાય છે કે

Sweet babe, in thy face
Holy image I can trace;
Sweet babe, once like thee
Thy maker lay and wept for me.

[મધુર બાળક ! તારી મુખમુદ્રામાં હું એ પવિત્ર આકૃતિ નિહાળું છું, ઓ મીઠડા બચ્ચા ! તારી માફક

એક વાર એ સરજનહાર પણ સૂતો હતો ને મારે માટે રડતો હતો.]

Wept for me, for thee, for all,
When he was an infant small.

Thou his image ever see,
Heavenly face that smiles on thee!

[મારે, તારે અને સહુને માટે એ રડયો હતો, જ્યારે એ નાનું બાળક હતો ત્યારે. એ દિવ્ય વદન તારી સામે મલકી જ રહ્યું છે. તું નિરંતર એને નિરખતો જ રહેજે!]

When God with us was dwelling here
In little babes he took delight
Such innocents as thou, my dear!
Are ever precious in his sight:

Sweet baby then, forbear to weep
Be still my Babe; sweet baby sleep!

[પ્રભુ જ્યારે આંહી આપણી સાથે વસતા હતા, ત્યારે એને નાનાં બચ્ચાંમાં આનંદ પડતો.

મારા વા'લા! તુજ સરીખાં નિર્દોષ એની નજરે હા-મૂલાં દિસતાં.

માટે ઓ મધુર બાળક! રે ના. છાનું રહે! પોઢી જા!]

કવિ આગળ ગાય છે કે એ બાલ પ્રભુને માટે તો આંહી તારા જેવાં પારણાં યે નહોતાં, નહોતાં હીર ચીર,

કે નહોતા હુંફાળાં ગોરડાં. એ તો અવતરેલા તબેલામાં: એનાં એવાં કષ્ટોને પરિણામે જ આજ તને આ સુખ વૈભવ સાંપડ્યા છે. માટે રો ના! ઓ મધુર બાલક! છાનું રહે!

સમાન સૂરો

સૂઈ જા વીર સૂઈ જા!
લાડકડા વીર સૂઈ જા!
તને રામજી રમાડે
વીર! સૂઇ જા!
તને સીતાજી સૂવરાવે
વીર! સૂઈ જા!

એ આપણાં હાલરડાંની પંક્તિઓ: એ જ પડઘો પશ્ચિમમાં પડ્યો કોઇ મહાન કવિના પ્રાણમાં:

Hush! my dear, lie still and slumber,
Holy Angels guard thy bed:
Heavenly blessings without number
Gently falling on thy head!

[ચુપ મારા વહાલા! શાંત પડીને પોઢી જા. પુનિત દેવતાઓ તારી પથારી રક્ષે છે. તારા મસ્તક પર સ્વર્ગંથી અનંત આશિષો ઝરે છે.]

Holy angels guard thy bed: તને રામજી રમાડે: તને લક્ષ્મણજી લડાવે! તને સીતાજી સૂવરાવે! એકની એક વાત: એકનું એક હ્રદય: ગોરવરણું ને કાળું: ચમકતાં સોનેરી ઝુલ્ફાંવાળું કે ઝીંદરી જેવા વાળ દીધેલા

હબસી વાળ વાળું : એવા ભેદ એ પ્રભુની બનાવટમાં નથી, પારણાના ઝુલનમાં નથી, કે માતાનાં હાલરડાંમાં નથી.

અંગ્રેજ કવિ શેક્સપીયરે કાવ્યભરી અને ભાષાની ભભકભરી શિષ્ટ વાણીમાં બાળ હીંચોળ્યું કે

You spotted snakes with double tongue
Thorny hedgehogs, be not seen;
Newts and blind-worms do no wrong,
Come not near our fairy queen.
Philomel, with melody
Sing in our sweet lullaby;
Lulla, lulla, lullaby;
Lulla lulla, lullaby.

[બે-જીભાળા કાબરા સરપો ! કાંટાળા શેળાઓ ! ન નીકળતા ! અમારી પરી રાણી પાસે ન આવતા. ઓ બુલબુલ ! મીઠી હલકે તું બેનબાનાં હાલાં ગાજે !]

એજ ભાવ, સાદા, અણખીલ્યા, અર્ધવ્યક્ત સ્વરૂપમાં ગુજરાતી લોક-માતાએ ગાયો :

હડય તૂતૂડાં હાંકું,
ભાઈને રોતો રે રાખું !
તૂતૂડાં જાજો દૂર,
ભાઈ તો શીરાવશે દૂધ ને કૂર :

દૂધ ને કૂર તો લાગે ગળ્યાં
ભાઇના આતમા રે ઠર્યા.

હૃદય તૂતૂડાં હસજો,
વાડીમાં જઈને રે વસજો !
હાં...હાં હાલાં !

સ્વપનાં

જૂનાં લોક-હાલરડાંમાં સ્વપનાંની કલ્પના બીલકુલ ખીલેલી જ નથી. કેવળ એક જ ગીતમાં

નીંદરડી તું આવે જો આવે જો !
મારા બચુ તે ભાઇ સારૂ લાવે જો—નીંદરડી૦
તું બદામ મિસરી લાવે જો—નીંદરડી૦

એવું ફક્ત મીઠાં 'ખાઉ ખાઉ' નું જ અસ્પષ્ટ સ્વપ્ન લાવવાનું નિદ્રાને સંબોધન થયું. અંગ્રેજ કવિ યુજીન ફીલ્ડે આ કલ્પનાને સુરેખ બનાવીને આલેખી : જાણે અબોલા નગરીમાંથી નીંદરપરી સ્વપ્નો લઇને ચાલ્યાં આવે છે !

The Rock-a-by Lady from Hush-a-by street
Comes stealing : come creeping :
The poppies they hang from her head to her feet
And each hath a dream that is tiny and fleet:

She bringeth her poppies to you, my sweet,
When she findeth you sleeping !

[અબોલા નગરીમાંથી હુલાવણ પરી ચાલ્યાં આવે છે : છાનાંમાનાં, લળતાં નમતાં, ચાલ્યાં આવે છે.

એના પગથી માથા લગી ફુલો ઝુલે છે. તે પ્રત્યેકમાં અક્કેક નાજૂક મીઠું સોણલું છુપાયું છે.

તને એ જ્યારે પોઢેલો દેખશે, ત્યારે આ મારા મીઠુડા ! આવીને એ તારી હથેળીમાં આ સોણાળ્યાં ફુલો મેલી જશે.)

There is one little dream of a beautiful drum
" Rub-a-dub ! " it goeth :
There is one little dream of a big sugar-plum,
And lo ! thick and fast the other dreams come
Of popguns that bang, and tin tops that hum
And a trumpet that bloweth.

[એક સોણું તો છે રૂપાળા ઢોલકાનું : ઢબુક ! ઢબુક ! એ તો વાગે છે : બીજું છે એક મોટા ગુલાબ-જાંબુનું. અને ઓહોહો : બીજાં કેટલાંય સોણાં ! ભડાંગ ! કરતી બંદૂકનાં : ભમ ! ગાજતા ગરીઆનાં : અને ભોં ! પો ! ભોં ! પો ! વાગતા રણશીંગાનાં–બધાં દોડયાં જ આવે છે.]

આથી વધુ કવિત્વભર્યું સ્વપ્ન–હાલરડું શ્રીમતી સરોજીની નાયડુએ ગાયું છે:

From groves of spice
O'er fields of rice
athwart the lotus-stream,

I bring for you,
aglint with dew,
a little lovely dream.

[સુગંધી તેજાનાના બગીચામાંથી, ડાંગરના ખેતરમાંથી અને કમલખીલ્યાં ઝરણમાંથી, હું તારે માટે એક ઝાકળ-ભીનું મીઠું સોણલું લાવું છું બેટા !]

Sweet, shut your eyes!
The wild fire-flies
Dance through the fairy neem;

From the poppy bole
For you I stole
A little lovely dream.

[ઓ પ્યારા ! આંખો મીંચી દે. સુંદર લીંબડામાં આગીઆ નાચે છે. ખસખસનાં ફુલોમાંથી હું તારે માટે એક સોણલું ચોરી લાવી છું.]

Dear eyes, good-night!
In golden light
The stars around you gleam.

On you I press
with soft caress
A little lovely dream.

[આવજે ! ઓ સુલોચન ! કનકવરણા તેજમાં તારી ચોપાસ ચાંદરડાં ચળકે છે. તારા હોઠ ઉપર એક ફૂણી બચ્ચી વાટે હું નાનું રૂપાળું સોણું ચાંપી દઉં છું.]

આવું કલ્પના-ભુવન લોક-હાલરડામાં યે નથી, તેમ શિષ્ટ કવિની કવિતામાં પણ ગુજરાતને સાંપડ્યું નથી. ગુજરાતી કવિઓને બાલકની ક્રીડામાં, બાલકની નિદ્રામાં, એની મીંચાયલી પાંપણોમાં અને શાંત સૂતેલી મુખમુદ્રામાં કાવ્યત્વનું દર્શન નથી થયું. ગુજરાતી કાવ્યદેવીના અંતરમાં વાત્સલ્યના સૂરો હજુ નથી ઉઠયા હાલરડાં ગાવાનો સમય હજુ એને નથી આવ્યો.

યુરોપી હાલરડાંનો પ્રવાહ

ગુજરાત વાત્સલ્ય વિહોણું નથી, પણ એનાં કાવ્ય વિહોણું લાગે છે. નહિ તો બાલકનાં પારણાં આજ ઉદાસ, અબોલ અને કેવળ લાકડાંનાં માળખાં જ ન બની ગયાં હોત; પારણાંની દોરી બેતાલ ન ખેંચાતી હોત; કજીયાળાં બાળકને માતા મારી પીટી, હચમચાવીને ન પોઢાડતી હોત. જૂનાં લોક-હાલરડાંમાં એકસૂરીલાપણાનો-Monotonyનો કંટાળો અનુભવતી આ યુગની તરુણ જનેતાઓ પાસે નવા રસે છલકતી, નવી ઉર્મિને ધબકારે ધબકતી, નવી કલ્પના-કળીએ મ્હેકતી હાલરડાંની કવિતા નથી. આપણાં

લોક–હાલરડાંનો પ્રવાહ આગળ ન વધી શક્યો; કેવળ કૃષ્ણનાં સોના રૂપાનાં પારણાં અને દૂધ દહીંના ખાનપાન અથવા મામા કંસના સંહાર વિષેના થોડા નાજૂક સ્વરોમાં રૂંધાઇ ગયો. ત્યાંથી આગળ એ વહનને ચલાવે તેવી કોઇ મેઘધારા ગુજરાતી કવિઓના કંઠમાંથી વરસી નહિ. નહિ તો

તમે મારાં દેવનાં દીધેલ છો
તમે મારાં માગી લીધેલ છો
આવ્યાં ત્યારે અમર થઇને રો !

તમે મારૂં નગદ નાણું છો
તમે મારૂં કુલ વસાણું છો
આવ્યાં ત્યારે અમર થઇને રો !

એવા લોક–વાત્સલ્યના ઉમદા ઉચ્ચારણમાંથી શિષ્ટ કવિઓને નવી પ્રેરણા મળી ગઈ હોત. યુરોપમાં નવયુગી કવિતાને વંધ્યત્વ નથી પાલવ્યું. સંતતિ–નિયમનના પ્રથમ સૂરો કાઢનાર એ પ્રદેશમાં, સભામાં જવા માટે જ્યાં બાલકો આયાને હવાલે સોંપાય છે તે ભૂમિમાં, કેવી મીઠી હલકે બાલપ્રેમની ગાથાઓ ગવાઇ ! આપણા જ સાદા હાલરડા જેવું એનું એક લોક-હાલરડું લઇએ:

My little sweet darling, my comfort and joy.
sing lullaby, lulla.

In beauty surpassing the princes of Troy
sing lullaby lulla.

એ લોક–સૂરોનો એની નરી સાદાઇને કારણે વિનાશ

નથી થયો. એમાં જ કલમ બોળીને કવિએ નવયુગના ઉદ્ગારો ગાયા કે

So fair, so dear, so warm upon my bosom
And in my hands the little rosy feet.
Sleep on, my little bird, my lamb, my blossm!
Sleep on, sleep on, my sweet-

[શા રૂપાળાં, શાં પ્યારાં, શાં હુંફાળાં એ અંગો મારી છાતી પર પડયાં છે!

ને મારા હાથમાં એના કેવા ગુલાબી નાના ચરણો રમે છે!

ઓ મારા પંખીડા! મારા મેંઢા! મારા હૈયા પર સૂતું રહે.

સૂતું રહે, ઓ મધુર! સૂતું રહે!]

Dear Lord, 'tis wonderful beyond all wonder,
This tender miracle vonchsafed to me,
One with myself, yet just so far asunder,
That I myself may see.

[ઓ પ્યારા પ્રભુ! આ તો એક ચમત્કાર છે. તાજ્જુબી છે. મારી સાથે એકમેક, ને છતાં યે કેટલું જૂદેરૂં! એ તફાવત હું નજરે જોઇ શકું છું.]

Mine, Lord, all mine thy gift and
loving token.

"તમે મારા દેવનાં દીધેલ છો."

કેવું હૂબહૂ મળે છે! અને તે પછી,

"તમે મારૂં ફુલ વસાણું છો
આવ્યાં ત્યારે અમર થઇને રો!"

એની સાથે

Only a tender flower sent us to rear.

એ પણ બરાબર મળે છે. ગુજરાતની કોઇ અનામી ઘેલી ગ્રામ્યમાતા, ને ઇંગ્લાંડની સુશિક્ષિત કવિમાતા મેથીઆઝ બાર! બન્નેની વાણી એક છે. એક છે, કેમકે એ વાણી વાત્સલ્યની છે.

બાળારાજાનું રાજપાટ

બાળારાજા! બાળારાજા! એ બાળક માટેનું આપણું બહુ પરિચિત સંબોધન છે. પરંતુ એ રાજાના માહારાજ્યની કલ્પના આપણને સાંપડી નથી. એ તો સૂઝી છે એક આંગ્લ જનેતાને: એનું નામ લૉરેન્સ આલ્મા: એણે હાલરડામાં બાલ-રાજાનું રાજપાટ ગાયું:

King Baby on his throne
Sits reigning o, sits reigning o!
King Baby on his throne
Sits reigning all alone.

[બાળારાજા તખ્ત પર બેઠા બેઠા રાજ કરે છે. એકલા, એકલા એ જ એના તખ્ત પર બેઠા છે.]

His throne is mother's knee
So tender o, so tender o:
His throne is mother's knee
Where none may sit but he.

[માતાનો ખોળો એનું સિંહાસન છે: ઓહો, કેવું સુંવાળું એ સિંહાસન! એના વિના ત્યાં બીજું કોઈ ન બેસે.]

અને એનો મુગટ!

His crown it is of gold
So curly o, so curly o!

[પીળા હેમવરણા કેશના ગુચ્છાનો એ મુગટ! ઓહો! કેવા વાંકડીયા વાળ!]

ને એનું સામ્રાજ્ય ક્યાં!

His Kingdom is my heart
So loyal o, so loyal o!

[માતાનું હૃદય, તે એનું રાજપાટ: કેવું રાજનિષ્ઠ!] કોઇ ચક્રવર્તીને ન હોય તેવું. અને એના કાયદા?

Divine are all his laws
So simple o! so simple o!

ઇશ્વરી કાયદા ! સાદા સરલ, સ્નેહનાં જ ધારાશાસ્ત્ર ! જેનો આખરી આશય

With love for end and cause.
કેવળ સ્નેહ, કેવળ મમતા, અન્ય કશું જ નહિ.

વ્યથા-ગીતોનાં હાલરડાં

અંગ્રેજી હાલરડાંમાં તો કેવળ વિનોદ જ નહિ, કેવળ ખુશાલી નહિ, પણ વિધવા માતાનાં, ત્યજાએલી ઠગાએલી જનેતાઓનાં, પરદેશે પળેલા પિયુજીની વિજોગણ પત્નીઓનાં, એવાં કૈં કૈં મર્મગામી વ્યથા-ગીતો પણ ગવાયાં છે. ભેદક સૂરે માતા બાળકને કહે છે કે

Oh, Bonnie birdeen,
Sweet bird of my heart!
Tell me, o tell me,
How shall we part?

[ઓ મીઠા પંખી ! મારા હૃદય-માળાના ઓ મધુરા પંખી ! કહે મને, આપણે કેવી રીતે વિખૂટાં પડશું !]

વિધવા માતાને જાણે કોઇ અંતરિક્ષથી સાદ કરે છેઃ

He calls me, he cries,
Who is father to thee:
O birdeen his eyes
In these blue eyes I see.

[મને એ બોલાવે છે—તારો પિતા મને બોલાવે છે. ઓ પંખીડા ! તારી આ આસમાની આંખોમાં હું એની આંખો ઝલકતી દેખું છું."

Weep not my wanton, smile on my knee:
When thou art old, there's grief enough
for thee!

He must go, he must kiss
Child and mother, baby bliss!
For he left his pretty boy
Father's sorrow, father's joy.

[ન રો મારા લાડકડા ! મારા ખોળામાં હસ્યા કર. મોટો થઈશ ને, ત્યારે તારે ઘણું યે રોવાનું સાંપડશે હો !

બાલકને અને માતાને છેલ્લી ચુમી ભરીને તારા પેતાને જવું પડ્યું. ઓ મારા વ્હાલા ! એ તને—પોતાના હર્ષ શોકના સાધનને છોડીને ચાલ્યો ગયો !]

એથી યે વધુ કલ્પનામય, વધુ તીવ્ર, વધુ વ્યથાજનક તો છે કોઇ સમુદ્રે નૌકા ખેડતા પિતાના પુત્રનું હાલરડું : રોયાળાની કોઇ અંધારી રાત્રિયે પ્રાણઘાતક પવન ફુંકે છે, અને ઝૂબામાં ઝાંખો દીવો બાળતી જાગૃત બેઠેલી વિજોગણ નાવિક—પત્નીના અંતરમાં સ્વામીના પ્રાણની રક્ષાની ચિંતા ફડફડે છે : એમાંથી દ્રવે છે મીઠું હાલરડું :

You are rockin full sweetly on
mammie's warm knee,
But daddie's a-rockin upon the salt sea.

[ઓ બચ્ચા! તું તો લ્હેરથી માડીના હુંફાળા ખોળામાં ઝૂલે છે, પણ તારા બાપુ તો અત્યારે ખારા સમુદ્રને ખોળે હીંચતા હશે, વ્હાલા!]

The wild wind is ravin and mammie's
heart's sair
The wild wind is ravin, and ye dinna care.

[તોફાની પવન ફુંકે છે, અને માતડીનું અંતર બળે છે. છતાં યે બચ્ચા! તને મારા હૃદયની કશી ખેવના નથી. તું તો રડયા જ કરે છે!]

આવી કોઇ પંક્તિઓ ગુજરાત બતાવી શકશે? મધ-સાગરે સાહસ ખેડતા ખારવાનાં કે કાળી મેઘલી રાતે ડુંગરામાં ગાયો ચારતા ગોવાળ ચારણોનાં નાનાં બચ્ચાંને પોઢાડવા મથતી ગરીબ માતાઓનાં અંતર ઉકેલવાં, એની મધુર વ્યથાને કાવ્યમાં આલેખવા કોઇને સૂઝયું છે?

આગળ ચાલીએ: હાલરડું જાણે કે પ્રાર્થના બની જાય છે:

Sweet and low, Sweet and low,
Wind of the western sea,
Low, low, breathe and blow,
Wind of the western sea!
Over the rolling waters go,
Come from the dying moon and blow,
Blow him again to me:

While my little one, while my pretty one
sleeps.

[ધીરે ધીરે, ધીરે ધીરે ઓ આથમણા સાગરના વાયુ! ધીરે વાજે! ધીરી લહરે વાજે! આથમતા ચંદ્રની અંદરથી જલ્દી ઉતરજે. અને મારૂં લાડકવાયું બચ્ચું હજુ તો પોઢેલું હોય ત્યાં જ તું એને–મારા નૌકાવિહારી પ્રિયતમને આંહી પહોંચાડી દેજે, ઓ પશ્ચિમના વાયુ!]

Sleep and rest, sleep and rest,
Father will come to thee soon;
Rest, rest, on mother's breast,
Father will come to thee soon;
Father will come to his babe in the nest
Silver sails all out of the west
Under the silver moon.
Sleep, my little one, sleep, my pretty one
sleep.

[પોઢી જા ને વિસામો લે! તારા બાપુ હવે જલ્દી આવશે. માડીની છાતીએ વિસામો લે! તારા બાપુ હમણાં જ આવશે. રૂપલાવરણા ચંદ્રને અજવાળે, રૂપલા ધોળા શઢ ફરકાવતા તારા બાપુ પશ્ચિમમાંથી ચાલ્યા આવે છે. તારી પાસે આ નાના ફૂબામાં ચાલ્યા આવે છે.]

એ નાવિક–બાલનું હાલરડું ગાનાર અંગ્રેજ કવિવર ટેનીસન: ગુજરાતના કેક કવિઓને ટેનીસનની ઉપમા

દેવાય છે. પણ તેઓને કંઠેથી આવી પંક્તિઓ ક્યારે ઝરશે? માનવ–જીવનનાં સાચાં સુખદુઃખની અંદર એની દૃષ્ટિ તલ–સ્પર્શ કરશે ત્યારે. ત્યાં સુધી બધી શબ્દજાળ રહેવાની.

ફક્ત વિધવા નહિ, ફક્ત વિજોગણુ નહિ, પણ ફસાયેલી માતાનું વાત્સલ્ય પણ ત્યાંના કવિઓએ અનુકમ્પાના તાર પર ચડાવી કરૂણ સૂરે ગાયું છે. કવિતાનાં પુનિત નીરમાં ન્હવરાવી એ માતૃપ્રેમને નિષ્પાપ બનાવેલો છે. અને એ હાલરડા વાટે નિર્દય લંપટ પુરૂષ પ્રતિ ઉંડી હાય સંભળાવી છે:

Come, little babe, come silly soul,
Thy father's shame, thy mother's grief.

[આવ નાના બચ્ચા! આવ નાદાન આત્મા! તારા પિતાની લજ્જા! તારી માતાની વેદના! આવ!]

Thou little thinkest, and less dost know,
The cause of this thy mother's moan.

[તને વિચાર પણ નથી, ખબર પણ નથી, કે મા શીદ નિસાસા મૂકે છે.]

But come to mother, babe and play,
For father false is fled away.

[પરંતુ મા પાસે આવ બેટા! અને રમ્યા કર! કેમકે તારો બેવફા બાપ તો ભાગી ગયો છે!]

If any ask thy mother's name,
Tell her, by love she purchased blame.

[કોઇ જો તારી માનું નામ પૂછે ને, તો કહેજે કે પ્રેમ આપીને એણે કલંક વ્હોર્યું છે!]

Ask blessings, babe, be not afraid,
His sugared words have me betrayed.
God bless my babe, and lullaby,
From this thy father's quality.

[પણ ચિંતા નહિ બચ્ચા! તું તો બસ સહુના આશીર્વાદ જ માગજે. એના સાકરીયા શબ્દોએ જ મને ફસાવી હતી.

ઓ પ્રભુ! મારા બાળકને દુવા દેજો, પોઢાડજો, અને એના પિતના જેવી લંપટતાથી એની રક્ષા કરજો!]

વીરરસનાં હાલરડાં

અંગ્રેજ કવિ વૉલ્ટર સ્કોટે હાલરડાં વાટે માતાઓને તથા બાલકોને વીરરસ પાયો; પહાડો, કિલ્લાઓ, રણશીંગાં અને ધમસાણોનાં દશ્યો બાળકનાં પારણાંની આસપાસ એણે ઉભાં કર્યાં :

O hush thee, my babie, thy sire was a knight;
Thy mother a lady, both lovely and bright.

The woods and the glens, from the towers which we see;
They all are belonging, dear babie, to thee.

O ho ro, i ri ri, candul gulo.

[છાનો રહે બચ્ચા! તારો પિતા સામંત હતો. તારી માતા એક તેજસ્વી સુંદરી હતી. આ કિલ્લાના બુરજ પરથી દેખાતાં જંગલો ને ઝાડીઓ–બધાં તારાં જ છે, મારા પ્યારા બચ્ચા!]

O, fear not the bugle, though loudly it blows,
It calls but the warders that guard thy repose.

Their bows would be bended, their blades would be red,
Ere the step of a foeman draws near to thy bed.

[આ ઘોર સ્વરે રણશીંગું બજે છે. પણ તું ડરીશ ના. એ તો તારી પથારીના ચોકીદારોને જ બોલાવે છે. તારી શય્યા પાસે શત્રુનું એક પગલું પડે તે પહેલાં તો એ પહેરગીરોનાં ધનુષ્યની કમાનો ખેંચાઈ જશે, ને એની તલવારો દુશ્મનોનાં લોહીમાં રાતી તરબોળ બનશે!]

અને ઓ કુમાર! તારે જાગી ઉઠવાનો સમય પણ હમણાં જ આવી પહોંચશે. આજે તો તું નીંદર કરી લે.

O! hush thee, my babie, the time will soon come,
When thy sleep shall be broken by trumpet and drum;

Then hush thee, my darling, take rest while you may,
For strife comes with manhood, and waking with day.

[આજે તો પોઢી લે બચ્ચા ! કેમકે એ સમય જલ્દી આવી પહોંચશે, જ્યારે રણશીંગાં ને પડઘમથી તારી નિદ્રા ઉડી જશે. માટે આજે તો આરામ લઇ લે. કેમકે સંગ્રામ આવે છે જુવાની બેસતાં, અને જાગૃતિ આવે છે દિવસ ઉગમતાં !]

કાઠીઆવાડ ગુજરાતમાં ગઢો છે, કિલ્લા છે. સંગ્રામોના ને વીર–મૃત્યુના ઇતિહાસ છે. પરંતુ કોણ જાણે શા કારણે એ શૌર્યના સૂરો જૂનાં હાલરડાંમાં જાગ્યા નથી. ફક્ત કૃષ્ણ-જીવનમાંથી કાળીનાગના દમનના ને કંસવધના ક્ષીણ ધ્વનિઓ ક્યાંઇક ક્યાંઇક નીકળ્યા છે:

ડોશી એમ કરીને મેણું બોલીઆં રે લોલ,
તારા બાપનાં હતાં તે વેર વાળને રે લોલ.

માડી અમને તે વાત કરી આલને રે લોલ,
જાવું મામાને ઘેરે મળવા રે લોલ.

સાંકડી શેરીમાં મામો સામા મળ્યા રે લોલ,
ભાણેજ દેખીને મામો સંતાઈ ગીયા રે લોલ.

સંતા સંતા મા મામા મુરખા રે લોલ,
આપણે મામો ભાણેજ બેય મળીએ રે લોલ.

હૈયું ભીંસીને મામો ભાણેજ બહુ મળ્યા રે લોલ,
તારાં બાપનાં હતાં તે વેર વળી ગીઆં રે લોલ !

અથવા તો

મા મને હાઉલું દેખાડય
મા મને હાઉલું દેખાડય
હાઉ છે લંકા લખેશરી !

માડી મને નવ જાણીશ નાનકો;
કાલે મોટેરો થઇશ
કાલે મોટેરો થઈશ
વેરી મારીશ આપણા !

અથવા કદાચ બહુ તો

પાતાળે જઇને કાના હાં હાં હાં
નાથ્યો કાળી નાગ;
વારિ ને વરમાંડ ડોલ્યાં
મેવાડો મસ્તાન !
ભાઈ! ભાઈ! મેવાડો મસ્તાન !
અળોળોળો હાલય હાલુડા હાલય !

હાલો વાલો ! રે બાળ કરસન કાળો
હરિને હીંચકો વાલો !

આવા દુર્બલ સ્વરો પેલા

Their bows would be bended, their blades
would be red,
Ere the step of a foeman draws near
to thy bed.

એ પંક્તિના વીર-ધ્વનિઓ જગાવી શકશે નહિ.

મહારાષ્ટ્રનાં હાલરડાં

એ વીરત્વના, રાષ્ટ્રભાવનાના સૂરો હાલરડામાં ઉતારવાનો યત્ન આજે મહારાષ્ટ્રમાં ઠીક થતો જણાય છે. ત્યાંના કવિઓ સમજ્યા લાગે છે કે શિવાજીએ છેક માતાના ગર્ભમાં બેઠાં બેઠાં શૌર્ય-ગીતો સાંભળેલાં. તેઓને સમજ પડી લાગે છે કે વીરત્વની સાચી શાળા પારણામાંથી શરૂ થાય છે. અને બીજી એ સમજ આવી છે કે જેટલે અંશે નવાં હાલરડાં જૂનાંની સરલતાને રંગે રંગાશે તેટલે અંશે એનો રસ ગળી ગળીને માતાઓનાં જીવનમાં ઉતરશે. એ વિના ઘણા નવા યત્નો માર્યા જાય છે. મહારાષ્ટ્રમાં 'पाळणा' એટલે કે પારણાં-હાલરડાં નામનું જૂનું લોકસાહિત્ય હજુ સારી પેઠે સજીવન છે. આપણાં

હાલ્ય વાલ્ય ને હેલ્ય
વગડે વસતી રે ઢેલ્ય !

ઢેલ્યનાં પગલાં રે રાતાં
ભાઈના કાકા મામા છે માતા
હાં...હાં હાલાં !

એવાં છૂટક છૂટક ભાવનાં જોડકણાંની માફક મહારાષ્ટ્રમાં પણ

लक्षुमीबाई जाली, आलीस जाउ न को
घरला पदर सोडु न को, केशव बाळ !

લખમી માતા આવ્યાં છે
આવ્યાં તો હવે જશો મા !
ભાઇએ પાલવ ઝાલ્યો છે,
ભાઇ, પાલવડો છોડીશ મા !

लक्षुमीबाई आली, तांब्यानी दूध प्याली
घराला मानवली, वासुदेव बाळाच्या !

લખમી દેવી આવ્યાં છે
તાંબડીએ દૂધ પાયાં છે.
ભાઇનાં ઘર તો રૂપાળાં છે
લખમીને હૈયે ભાવ્યાં છે.

माळया चा मळया मधें, माळी बैसला कूवी मधे
कळयां घाली टोपी मधें, केशव बाळाच्या !

ભાઇ તો ગ્યા'તા વાડીમાં
ને માળી બેઠો'તો કૂબામાં;

માળીએ તો ઘાલ્યાં ફુલ
બચલા ભાઇની ટોપીમાં.

આવી રસાળી કડીઓ—જે કદિ નહિ ખૂટે તેટલી—પારણાં હીંચોળતાં હીંચોળતાં દક્ષિણી માતાઓ ગાયા જ કરે છે. એનું સાંદર્ય નિર્વ્યાજ છે, નિરાડમ્બરી છે. હવે એની પાસે આધુનિક મહારાષ્ટ્રી કવિ ગોવિન્દે રચેલું બાળ શિવાજીનું, રાષ્ટ્ર-ભાવનાથી ટપકતું રોમાંચક હાલરડું મૂકીએ :

: शिवाजीचा पाळणा :

मी लोटीते झोका तुज शिव बाळा
सुन्दरा निज स्नेहाळा.
तनु शान्तिते शान्त निज तुज येण्या
राष्ट्रगीत गाते तान्या !

[હે બાલુડા શિવાજી ! હું તારૂં પારણું ઝુલાવું છું ! હે મારા સુંદર લાડકવાયા ! હે મારા ધાવણા બચ્ચા ! હું આ રાષ્ટ્રગીત ગાઉં છું તેથી તને શાંત નિદ્રા આવશે, ને તારા દેહને શાતા વળશે.]

हि दासी जळे मही अम्बिका माय
हंबरडा फोडी हाय !
निज शत्रुनी हिचे भंगीले छत्र
मांगल्य सूत्र स्वातंत्र्य !
या दुःखानें दुःखी फार हे पाही
मी जीजाबाई तव आई

[આ દાસીનું હૃદય સળગે છે. કેમકે પૃથ્વી માતા વાછરૂ વિહોણી ગાય જેવી બની ભાંભરડા નાખે છે. શત્રુ-ઓએ એનું છત્ર ભાંગી નાખ્યું છે, ને એના કંઠનું મંગલ-સૂત્ર તોડી નાખ્યું છે. ઓ ભાઇ! આ દુઃખે હું બહુ દુઃખીયારી બની છું. હું તારી માતા જીજાબાઇ!]

बहु शत्रु मानले मेले
म्लेंच्छांनी आर्यधन नेलें!
आमुचे राष्ट्र तुडविलें
कोणी निपजे ना शास्ता या चांडाळा—सुन्दरा॰

[પીટયા શત્રુઓ બહુ ફાટયા, મુવાઓએ આપણી આર્યલક્ષ્મી લુંટી આપણા દેશને પગ નીચે ચગદ્યો. પણ એ ચાંડાલોને સજા કરનારો કોઇ ન નીકળ્યો.]

भूमातेच्या भूतकाली उद्धरणी
झुंझली रणी मृडरमणी;
श्रीरामाने रावण वधिला ल्हूनी
वानरा वीर बनवोनी;
घे स्वतंत्रता कंसाच्या पासोनी
गोविंद गोप जमवोनी

[પૂર્વે ભૂમિમાતાને ઉદ્ધારવા માટે રણમાં પાર્વતીજી ઝુઝયાં; શ્રી રામે વાનરોને વીર બનાવી લડાઇમાં રાવણને હણ્યો. ગોવિંદ પ્રભુએ ગોવાળોને જમાવી કંસ પાસેથી સ્વતંત્રતા લીધી.]

तू तसा वीर होशील का ?
तरवार करीं धरशील का ?
मिळविशील मावळे गडी का ?
रणीं वधाव या देशशत्रुच्या मेळा—सुन्दरा•

[तું એવો વીર થઇશ કે ? હાથમાં તરવાર ધરીશ કે ? માવળા લોકોને સાથીઓ બનાવી લઇશ કે ! રણમાં દેશ-શત્રુઓનાં ટોળાંનો સંહાર કરીશ કે ?]

भक्तिचें प्रबल दुग्ध पाजीन
मी वीर तुला बनवीन
रिपुरक्तें भू तुझा करीं न्हाणीन
स्वातंत्र्य घरी आणीन
मीं स्वतंत्र वीराची माता
मी स्वतंत्र सुधन्य होता
ध्वज स्वतंत्रताच्या डुलता
टवीन तनु अश्या नंदमय वेळा—सुन्दरा•

[દેશભક્તિનુ બલદાયી દૂધ પીવાડીને હું તને વીર બનાવીશ. રિપુઓના રક્તમાં હું તારે જ હાથે મા—ભૂમિને નવરાવીશ, અને સ્વતંત્રતા ઘેર આણીશ. હું સ્વતંત્ર વીરની માતા બનીશ, તે દિવસે હું સ્વતંત્ર અને ધન્ય બનીશ. સ્વતંત્રતાનો ધ્વજ ફરફવા લાગશે. તેવી આનંદમય વેળાએ હું મારો દેહ છોડીશ.]

गद्गदा वदा पाळण्यात शिव हसला
जणु मातृबोल त्या रुचला !
मग करी लीला मृदुल मुष्टि वळवून
जणु म्हणे इने रिपु वधीन !
अशी आर्य शिखा रक्षिळ या भावे हो
जावळाशीतो खेले हो !
श्री जीजा आईळा असा क्रीडता तान्हा
दाटला प्रीतिचा पान्हा !

[ત્યારે પારણામાં શિવાજી ખડ ખડ હસી પડયો. જાણે માના બોલ એને રૂચ્યા.

રમતમાં ને રમતમાં એણે સુંવાળા હાથની મૂઠીઓ વાળી. જાણે કહેતો હોયની, કે હું આ મૂક્કીથી રિપુઓનો વધ કરીશ.

આવી રીતે હું આર્યોની શિખાની રક્ષા કરીશ ! એવો ભાવ દર્શાવતો હોયની, તેમ એ પોતાના બાળ-મોવાળા સાથે રમવા લાગ્યો. ધાવણા બાલુડાને આમ રમતો નિહાળીને જીજાબાઇ માતાને થાનેલે પ્રેમનો પાનો ચડયો.]

આ નવયુગી હાલરડામાં બલવંત રાષ્ટ્રભાવના સરલ શૈલીએ ઉતરી છે. સામાન્ય માતાઓ પણ સમજે એવી નૂતન કલ્પના આમાં પૂરેલી છે. મહારાષ્ટ્રની શિષ્ટ જનતા ઉપર એનો પ્રભાવ કદાચ મંત્ર શો હશે. પરંતુ એ હાલરડું હજુ ગ્રામ્ય માતાઓને કંઠે ટપકયું નથી. કેમ કે હજુ પૂરેપૂરું ગળાયું

નથી. કમનસીબે કવિએ પોતાના નામની પણ એક કડી ઘુસાડી દીધી છે. એ અહંભાવ લોકગીતને હણે છે. અને શૈલી તેમજ ઢાળ હજુ સરલતા માગે છે. તથાપિ એ પ્રવૃત્તિ ત્યાં શરૂ થઇ ગઈ છે. આપણે હજુ એથી વંચિત છીએ.

ગુજરાતમાં પણ એવી વીરગાથાઓ ઉતારવાનું કર્તવ્ય નવયુગી શાયરોનું છે. વનરાજ, પ્રતાપ, શિવાજી અને અભિમન્યુનો દેશ બાલ-વીરત્વના ઇતિહાસ વિહોણો નથી. એનાં નામાં કામાં જે દિવસે સાદી છતાં મર્મગામી વાણીમાં પારણાંની દોરી તાણનાર માતાને કંઠે ઉતરશે, તે દિવસ એ પારણાંમાંથી એકકેક યોદ્ધા ઉઠશે. એની માતા જ્યારે એને કહેશે કે

The woods and the glens, from the towers
which we see,
They all are belonging, dear babie, to thee.

તે વેળા પોતાના દેશની માટીનાં ઢેફાં પરનું મમત્વ એને અંતરે બરાબર બાઝશે. અને કૈંક બાળકો એ માટીને પોતાના રૂધિરથી ભીંજવવાનાં સ્વપ્નો સેવશે.

હાલરડાંનો પ્રભાવ

કારણ કે હાલરડાંની અસર કેવી થાય છે તેનું દૃષ્ટાંત તો ખુદ આપણી જ તવારીખમાં પડયું છે. ઋતુધ્વજ રાજાની રાણી મદાલસા વૈરાગ્યમાં ગળી ગઇ હતી. એટલે એણે પોતાના બાલકને હીંચોળતી વેળાએ, આ જગતની

નશ્વરતા, આત્માની અમરતા, સુખવૈભવની ક્ષણભંગુરતા ઇત્યાદિ ભાવોથી ભરેલાં ગંભીર હાલરડાં ગાયા કર્યાં કે

त्वमसि तात शुद्ध बुद्ध निरंजन
भवमायावर्जित ज्ञाता
भवस्वप्नं च मोहनिद्रां त्यज
मदालसाह सुतं माता !

[ઓ બેટા ! તું તો શુદ્ધબુદ્ધ નિરંજન છે: જગતની માયાથી રહિત જ્ઞાતા છે. આ જીવન-સ્વપ્નને તથા મોહ-નિદ્રાને છાડી દે ! એમ માતા મદાલસા પુત્રને કહે છે.]

नामविमुक्त शुद्धोऽसि रे सुत
मया कल्पितं तव नाम
न ते शरीरं न चास्य त्वमसि
किं रोदिषि त्वं सुखधाम !

[રે બેટા ! તું તો શુદ્ધ છે, નામ રહિત છે. તારૂં નામ તો મેં કલ્પેલું છે. આ શરીર તારૂં નથી, કે નથી તું એનો. તો હે સુખમય ! તું શીદ રડે છે !]

એવા એવા સાદા સચોટ શબ્દોમાં રાણીએ વૈરાગ્ય પ્રબોધતી સંસ્કૃત લાવણીઓ ગાયા કરી છે અને છેવટે કોઇ કવિ એનું નામાચરણ વાળે છે:

विमलविज्ञानविश्वेश्वरव्यापक
सत्यब्रह्म त्वमसि ज्ञाता

प्राह मदालसाऽलर्कं सुतं प्रति
शास्त्रप्रसिद्धा वरमाता !

આ હાલરડાની અગોચર અસરને પરિણામે રાણીના એક પછી એક કુમારો વૈરાગ્ય તરફ ઢળી જઇ, યુવાવસ્થામાં પહોંચતાં જ ભગવાં પહેરીને ચાલી નીકળેલા. છેવટે સાતમા કુમારની દોરી ખેંચીને એ હાલરડું ગાતાંની વાર જ રાજાએ દોટ દઇ, દોરી ઝુંટવી લીધી ને કહ્યું કે ' હવે આ એકને રહેવા દે. મારૂં સિંહાસન સૂનું પડશે. તું કહે તો હું ચાલ્યો જાઉં. પણ એને એકને એ હાલરડું સંભળાવવું રહેવા દે ! "

એ કથા પરથી પૂરવાર થાય છે કે 'હાલરડાં' તો કૈક યુગોથી ચાલ્યાં આવે છે. સંસ્કૃતમાં પણ એનું સાહિત્ય રચાતું હતું. અને આજે રવિન્દ્રનાથ જેવા કવિવરે પણ એ જૂગજૂના વાત્સલ્ય–સ્વરોની અંદર પોતાના 'શિશુ' નામક સંગ્રહનાં ગીતો ઉમેરીને નવું જ માધુર્ય પૂરેલું છે.

હાલરડામાં જોડકણાં

અને હાલરડાંમાં તો ઉંડા અર્થો ન મૂકીએ તો ય ચાલે. બાળકને તાલબદ્ધ સૂરો સંભળાવીએ, તો એ તાલનું પણ ભાવપ્રેરક વાતાવરણ પારણાને વીંટળાઇ વળશે. બાલક તો જોડકણાનું–Nursery rhymesનું પણ ભૂખ્યું છે. ટુંકી ટુંકી પંક્તિઓ

ભાઈ મારો છે સાગનો સોટો
આવતી વહુનો ચોટલો મોટો
હાં... હાલાં !

ઘોડાંની પડઘી વાગે
ભાઈ મારો નીંદરમાંથી જાગે;

ભાઈ ભાઈ હું રે કરૂં
ભાઈની વાંસે હું રે ફરૂં;

ભાઈને કોઈએ દીઠો !
ફુલની વાડીમાં જઈ પેઠો.

એમાં તાલ–rhythm છે. અને અસંબદ્ધ છતાં રમ્ય કલ્પનાઓ છે. મારવાડમાં પણ એજ જાતનું હાલરડું ચાલે છે:

હાલાં હાલાં કરતા'તાં
સંતોકરા મામા રમતા'તા;

રમતે ખેલતે બાજરી વાઈ
બાજરીરા ખેતમેં ઢેલડી વીંયાઈ;

ઢેલડીરા બચીયા રાતા રે ભાઇ
સંતોકરા મામા માતા રે ભાઈ
હાલાં... હાલાં !

બાજરાનું ખેતર : ઢેલડીનું વીંયાવું : બચ્ચાંનો રાતો રંગ : એમાં કાવ્ય છે. શબ્દોની કોમલ રચના છે. તાલનું તરલતા છે. પારણે હીંચતા શિશુને માટે એમાં નિદ્રાની લહરીઓ છે. માતાને એમાં વિનોદ છે. અને જુઓ:

સંતોકરા મામા આવતા'તા
ઢાલ પછેડો લાવતા'તા;

ઢાલ પછેડે નવલી ભાત
સંતોક ઓઢે દિ' ને રાત.

ઓઢી ઓઢી જૂનો કર્યો
સરવર પાળે ઝીલવા ગયાં.

હાડીઓ આવ્યો લઇ ગીયો
કાનમાં વાત કહી ગીયો
હાલાં! હાલાં!

ઢાલ પછેડો : સરોવરની પાળ : સંતોક ઝીલણીયાં રમે : કાગડો આવે : કાનમાં કંઇક વાત કહી જાય, ને પછેડો ચાંચમાં લઇ જાય : એક નાની શી રમ્ય ને નિગૂઢ દુનિયા ઉભી થઇ.

એમ બાલકને હાલતા શીખવવામાં પણ તાલ સૂરની સહાય લેવાય :

પા પા પગલી!
મામાની ડગલી!

પા પા પગલી!
મામાની ડગલી!

એને તાલે તાલે નાનું બાલક પોતાના ઘુઘરીએ

ઘમઘમતા પગ માંડે. અને તે પછી વળી વધુ ત્વરિત ગતિએ ચલાવવા માટે

ડગ મગ! ડગ મગ! ડગલાં ભરતા
હરજી મંદર આવ્યા,
પગમાં ડાક જશોદા માએ
ગોકુળ માંહી ચલાવ્યા.

થેઇ! થેઈ! ચરણુ ભરોને કાન
વેંચુ મુક્તાફળ ને પાન!

એ તરલ તાલવાળું હાલરડું ગવાય. એ તો ઓરડાની અંદર ચાલતી ચાલ્ય. શેરીમાં રમવા સારૂ વળી જૂદો, વધુ તરલ તાલ! ને વધુ કોમલ કલ્પના :

ધુંબડી સૈયરમાં રમે.
ધુંબડી કાળજની કોર
ધુંબડી આંબાની છાંય–ધુંબડી૦

વળી તાલ બદલાયો :

ગા દોવાને ગોણીઓ
ઉપર તાંબડી ધુંબડ જાઇને કાજે
ધુંબડી સૈયરમાં રમે.

ફરી પલટો :

શેરીયે રમે
સહુને ગમે
ધુંબડી સૈયરમાં રમે

બારીએ રમે
બાપને ગમે-ધુંબડીં

મેડીએ રમે
માને ગમે-ધુંબડીં

એજ રીતીનું અંગ્રેજી હાલરડું જોઇએ :

Brown eyes
Straight nose;
Dirt pies
Rumpled clothes.

Falling down
off chairs
Breaking crown
Down stairs

Folded hands
saying prayers
Understands
Not, not cares.

Thinks it odd
Smiles away:
Yet may God
Hear her pray !

આ રીતે નાજૂક તાલમાંથી પણ કેવી ભાવવાહી રમત નીતરે છે !

હાલરડાંમાં પાંડિત્ય ન હોય, ને છતાં ભવ્ય કલ્પના હોઇ શકે. પ્રકૃતિની ગહનતાને સરલ સ્ત્રી-વાણીમાં કેવી રીતે અવતારી શકાય, એ પણ લોકકવિએ કરી બતાવ્યું છે : બાલકના કેવા ગહન મનોભાવ એ હાલરડામાં મૂકે છે :

તારા મંડળમાં તકતો દિસે
તે મારે ગજવે ઘાલો
ચાંદલિયો ચુંટીને મારા
હાથડિયામાં આલો–થેઈ થેઈ૦

એવાં રૂપાળાં રમકડાં
માતાજી મુજને આલો
આરા તારા વીણીને મારા
ગુંજવડામાં ઘાલો–થેઈ થેઈ૦

એનું જ રૂપાન્તર લગભગ એના એ શબ્દોમાં કવિ ન્હાનાલાલના એક બાલગીતમાં દેખાયું છે :

નવલખ તારા વીણી મા મારા
ગજવામાં ઘાલો
મા મને ચાંદલિયો વ્હાલો !

કવિતા પાંડિત્યના પ્રદર્શનને કાજે નથી. કવિતાની નિગૂઢતા એટલે ન સમજાય તેવી શબ્દ–જટિલતા નહિ. કવિતા તો ચંદ્રસૂર્યની કિરણ–માલા જેવી હોય. પવનની

લહરી જેવી હોય. એ તો માતાના ગર્ભાધાનથી જ બાલકને રમત અને સંસ્કારો આપે. ભોંયમાં બીજારોપણ થાય ત્યારે જળ શોષાવીને અંદર ઉતારે, કોંટો ફુટયો તેને ઝુલાવે ને જોર આપે. ઝાડ ફાલે ત્યારે એના પાંદડે પાદડે ચમકીને જાણે દીવા જલાવે. બાલક પરત્વે કવિતાનું પણ એજ કર્તવ્ય છે. બાલકને તાલ આપો, એ નૃત્યનુ ભૂખ્યું છે. એને હાલરડાંની લહરીઓ આપો, એ સંગીતનું તરસ્યું છે. જનેતાઓના જીવનમાં છેક ગર્ભાધાનતી જ કવિતાના પ્રોંચન શરૂ કરી દો. એને કંઠે કૂણાં, મીઠાં, કલ્પના નીતરતાં હાલરડાં રેડીને એના બોજારૂપ બનેલા જીવનમાં આનંદ પ્રગટાવો: અને આજકાલ તો કેવળ પુરૂષોની લાલસામાંથી જ નીપજી રહેલાં બાળકો વિષે માવતરને સાચું ભાન કરાવો કે

તમે મારાં દેવનાં દીધેલ છો
તમે મારાં માગી લીધેલ છો
આવ્યાં ત્યારે અમર થઇને રો !

નાનું બાળ

એક નાનું સરીખડું બાળ રે મા !
    આવ્યું છે આપણે આંગણીએ.

એને નમ્યેથી પ્રાછત જાય રે મા !
    આવ્યું છે આપણે આંગણીએ.

એને માથે મેવાડાં મોળીઆં,
એને ખંભે ખાંતીલા ખેસ રે મા—આવ્યું છે૦

એને કાને તે કુંડળ ઝળકંતાં,
કોટે કૌસ્તુભ મણિનો હાર રે મા—આવ્યું છે૦

એની બાંયે બાજુબંધ બેરખા,
એની દસે આંગળીએ વેઢ રે મા—આવ્યું છે૦

એને પગે રાઠોડી મોજડી,
એની ચટકતી છે ચાલ્ય રે મા—આવ્યું છે૦

૧

દેવનાં દીધેલાં

[માતા ગાય છે કે હે બેટા ! તું તો દેવની દીધેલ દોલત છે. તું તો મારા ઘરનું સુગંધી ફુલ છે. તું તો મારૂં સાચું નાણું છે. તારા માટે તો મેં શિવપાર્વતીજીને પ્રસન્ન કર્યાં અને હનુમાનજીને પણ તેલ ચડાવ્યાં. એવો તું તો મહામૂલો છે. માટે તું આ સંસારમાં દીર્ઘાયુષ્ય ભોગવજે !]

§

તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો'!

માʼદેવ જાઉં ઉતાવળી ને
જઈ ચડાવું ફુલ;
માʼદેવજી પરસન થીયા ત્યારે
આવ્યાં તમે અણુમૂલ

તમે મારૂં નગદ નાણું છો,
તમે મારૂં ફુલ વસાણું છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો’!

માʼદેવ જાઉં ઉતાવળી ને
જઈ ચડાવું હાર,
પારવતી પરસન થીયાં ત્યારે
આવ્યા હૈયાના હાર–તમે૦

હડમાન જાઉં ઉતાવળી ને
જઈ ચડાવું તેલ,
હડમાનજી પરસન થીયા ત્યારે
ઘોડીયાં બાંધ્યાં ઘેર

તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો’!

*ચીચાણ પાસે પાલડી ને ત્યાં તમારી ફઇ;
પાન સોપારી ખાઇ ગઇ કંકોતરીમાંથી રહી
—તમે મારાં૦

*ભાવનગર ને *વરતેજ વચ્ચે રે' બાળુડાની ફઇ;
બાળુડો જ્યારે જલમીયો ત્યારે ઝબલા ટોપીમાંથી ગઇ
—તમે મારાં૦

*ગમે તે નામ મૂકીને માતા થોડો વિનોદ કરી લે છે.

૨

પોઢોને !

હાં હીંચોળું ને હાં હાં કરૂં તમે પોઢોને;
ઘડી જાવને ઘોડીયા માંય અંબર તમે ઓઢોને !

હાં હીંચોળું ને હાં હાં કરૂં તમે પોઢોને;
મારા લાડકવાયા લાલ પીતાંબર ઓઢોને !

હાં હીંચોળું ને હાં હાં કરૂં તમે પોઢોને;
મારે દો'વી છે કાંઇ ગાય અંબર તમે ઓઢોને !

હાં હીંચોળું ને હાં હાં કરૂં તમે પોઢોને;
મારે ઘરમાં છે ઘણું કામ અંબર તમે ઓઢોને !

૩

બહુ વા'લો

પોઢોને મારા હરિ હાલો હાલો !
તું તો રે તારા બાપને બહુ વા'લો–પોઢોને૦
તું તો રે તારી માતાનો લાલો–પોઢોને૦

મળવાને આવશે વ્રજ તણા બાળા,
તે તો રે લાવશે ફુલડાંની માળા,
તું તો રે તારા કાકાને બહુ વા'લો
પોઢોને૦

મળવા રે આવશે ગોકુળની ગોપી,
તે તો રે લાવશે ફુલડાંની ટોપી,
તું તો રે તારી માતાનો લાલો
—પોઢોને૦

મળવા રે આવશે મામો ને મામી,
તે તો રે ભમ્મર તાણી રે'શે સામી !
તું તો રે તારા મામાને બહુ વા'લો
—પોઢોને૦

૪

હાલરડું વા'લું

બાળકને હાલરડું વા'લું !
કાન કુંવરનું હાલરડું વા'લું.
મીરા મોહનનું હાલરડું વા'લું

છાનો મારા વીર,
ભરી આવું નીર,
પછી તારી દોરી તાણું—બાળકને૦

સાવ રે સોનાનું તારૂં પારણીયું ને
સોનાની સળીએ કાન
હેતે નાખું તુંને હીંચકો
મારો ભૂદરો ભીને વાન—બાળકને૦

જળ ભરીને આવું નિમષમાં
તાતે જળે નવરાવું,
રૂડે રૂમાલે લૂઈ કરી ને
પછી ઉંબર લઇ ધવરાવું-બાળકને૦

ડાબા તો હાથમાં દોરડી ને
જમણા હાથમાં માળા,
ચુપ કરને તું છોકરા
હુવે મેલ્ય ધાવ્યાના ચાળા-બાળકને૦

કાઠા તે ઘઉંની રોટલી ને
માથે માળવીઓ ગોળ,

ચોળી ખવરાવું તુને ચૂરમું
પછી ઝૂલાવું તારા હીંડોળ—બાળકને૦

અટલસની તારી આંગડી ને
માથે નીલમની ટોપી,
મોટો રોપાવું તારો માંડવો
પરણાવું ગોકૂળની ગોપી—બાળકને૦

માથે મેવાડાં મોળીયાં ને
કુંડળ ઝળકે કાન,
મરકલડે જુગ મોહી રીયા
મારો કાનો ભીનલે વાન—બાળકને૦

છાનો રે ચપ,
છાનો રે ચપ,
પછી તારી દોરી તાણું
બાળકને હાલરડું વા'લું.
કાન કુંવરનું હાલરડું વા'લું!
મીઠા મોહનનું હાલરડું વા'લું!

૫

બાળા પોઢોને !

[પૂતળી અને મોરલા વડે શોભીતા પારણામાં સુવાડતાં છતાં યે બાળક પોઢતું નથી. વ્હાલઘેલી માડીને તો બેય વાતે દુઃખ ! બાળક જાગે તો યે દુઃખ, ને ઉંઘવા માંડે તો ય દુઃખ ! ફિચાટ થાય, વ્હેમ આવે, પાડોશણો પાસે દોડી દોડી પૂછે ! એના માથા પરથી રાઇ ને મીઠું ઉતારે.]

§

સાવ રે સોનાનું મારૂં પારણીયું ને
  ઘુઘરીયે ઘમકાર   બાળા પોઢોને !

ચાર પાયે ચાર પૂતળીયું ને
  મોરવાયે બે મોર   બાળા પોઢોને !

સૂવડાવ્યા સૂવે નહિ રે
  આ શાં કળજગ રૂપ   બાળા પોઢોને !

જેમ તેમ કરી બાળ સુવારીયાં રે
  કરવાં ઘરનાં કામ   બાળા પોઢોને !

કામ કાજ કરીને ઉભાં રીયાં રે
તોય ન જાગ્યાં બાળ બાળા જાગોને !

બાઇ રે પાડોશણુ બેનડી રે
હુજી નો જાગે બાળ બાળા જાગોને !

બાઇ તારૂં બાળક બીનું છે રે
લાવો ઉતારીએં લૂણુ બાળા જાગોને !

સરખી સાહેલી ભેળી થઇને રે
જગાડયાં નાનાં બાળ બાળા પોઢોને !

૬

વીર ! સૂઇ જા

સૂઇ જા રે સૂઇ જા !
કોડીલા કુંવર સૂઇ જા !
લાડકડા વીર સૂઇ જા !

તું રોઇશ તો

તારી માતાજી મુંઝાશે
વીર ! સૂઇ જા !
કોડીલા કુંવર સૂઇ જા !
લાડકડા વીર સૂઇ જા !

તારા દાદાજી દુઃખાશે
વીર ! સૂઇ જા !
કોડીલા કુંવર સૂઇ જા !
લાડકડા વીર સૂઇ જા !

તારા કાકાજી કચવાશે
વીર ! સૂઇ જા !
કોડીલા કુંવર સૂઇ જા !
લાડકડા વીર સૂઇ જા !

તારી ફુઇબા ફાળે થાશે
વીર ! સૂઇ જા !
કોડીલા કુંવર સૂઈ જા !
લાડકડા વીર સૂઇ જા !

તને રામજી રમાડે
તને લક્ષ્મણજી લડાવે
વીર ! સૂઇ જા !
કોડીલા કુંવર સૂઇ જા !
લાડકડા વીર સૂઈ જા !

તને સીતાજી સુવરાવે
તને જશોદાજી ઝુલાવે
વીર સૂઇ જા !
કોડીલા કુંવર સૂઇ જા !
લાડકડા વીર સૂઇ જા !
સૂઇ જા વીર સૂઇ જા !

૭

નીંદરડી તું આવે જો

નીંદરડી તું આવે જો આવે જો !
મારા બચુ તે ભાઇ સારૂ લાવે જો–નીંદરડી૦

તું પેંડા પતાસાં લાવે જો—નીંદરડી૦
મારા બચુ તે ભાઈ સારૂ લાવે જો—નીંદરડી૦
તું ખારેક ટોપરૂં લાવે જો—નીંદરડી૦
મારા બચુ તે ભાઈ સારૂ લાવે જો—નીંદરડી૦
તું બદામ મિસરી લાવે જો—નીંદરડી૦

૮

હાલો વા'લો રે

'હાલો રે વા'લો રે
કાન કરસન કાળો
હરિને હીંચકો વાલો.

શામળી સૂરત શામળો વા'લો હાં હાં હાં
રંગમાં રૂપાળો,
માતા જશોદા એમજ કે' મારો
મોરલી ધજાળો !

ભાઇ ભાઇ મોરલી ધજાળો !
હાં....હાં મોરલી ધજાળો !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે૦

હતું ઇ તો છતું કીધું હાં હાં હાં
કાનજી તારૂં કામ;
વારી ને વરમાંડ ડોલ્યાં,
મેવાડો મસ્તાન !
ભાઇ ભાઇ મેવાડો મસ્તાન !
હાં....હાં મેવાડો મસ્તાન !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે૦

પરથમ તો ધોળીડાં લૂંટયા હાં હાં હાં
જોયું મથુરા ગામ,
મામા કંસને મારતાં કાંઇ
વરત્યો જેજેકાર !

ભાઇ ભાઇ વરત્યો જેજેકાર !
હાં....હાં વરત્યો જેજેકાર !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે૦

પાતાળે જઇને કાના હાં હાં હાં
નાથ્યો કાળી નાગ;
પોયણુ કેરે પાંદડે કાંઇ
પોઢયા દીનોનાથ !
ભાઇ ભાઇ પોઢયા દીનોનાથ !
હાં....હાં રે પોઢયા દીનોનાથ !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે૦

દોટ મેલીને દડો લીધો હાં હાં હાં
વનમાં પાડી વાટ;
માતા જશોદાએ હાલરડું ગાયું
ઉગમતે પરભાત !

ભાઈ ભાઈ ઉગમતે પરભાત!
હાં....હાં રે ઉગમતે પરભાત!
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે૦

ચણ્યા કેરા છોડ મગાવું હાં હાં હાં
ઓળા પડાવું;
બાળા કાના છાનો રે'ને
ગુંજાં ભરાવું!
ભાઈ ભાઈ ગુંજા ભરાવું!
હાં....હાં રે ગુંજા ભરાવું!
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે

શેરડી કેરા સાંઠા મગાવું હાં હાં હાં
પાળીએ છોલાવું;
બાળા કાળા છાનો રે'ને
ગુંજા ભરાવું!

ભાઈ ભાઈ ગુંજા ભરાવું !
હાં....હાં રે ગુંજા ભરાવું !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–
હાલો રે વા'લો રે

શામળી સૂરત શામળો વાન હાં હાં હાં
રંગમાં રૂપાળો;
માતા જશોદા એમજ કે' મારો
મોરલી ધજાળો !
ભાઈ ભાઈ મોરલી ધજાળો !
હાં....હાં મોરલી ધજાળો !
ઓળોળોળો હાલ્ય હાલૂડા હાલ્ય–

હાલો રે વા'લો રે
કાન કરસન કાળો
બાળાને હીંચકો વા'લો !

*

૯

હાં...હાં હાલાં !

હાલ્ય વાલ્ય ને હાંસીનો,
રાતો ચૂડો ભાઇની માશીનો;
માશી ગ્યાં છે માળવે,
ભાઇનાં પગલાં રે જાળવે.
હાં....હાં હાલાં !

હાલ્ય વાલ્ય ને હાંસી
લાડવા લાવશે ભાઈની માશી,
માશી ગ્યાં છે મ'વે,
લાડવા કરશું રે હવે.
હાં....હાં હાલાં !

હાલ્ય વાલ્ય ને હલકી
આંગણે રોપાવો રે રૂડી ગલકી;
ગલકીનાં ફુલ છે રાતાં
ભાઈના કાકા મામા છે માતા;

મામાને માથે રે મોળીયાં,
ભાઈનાં ઉતરાવશે હીંગળોકીયાં ઘોડીયાં.
હાં....હાં હાલાં !

હાલ્ય વાલ્ય ને હેવૈયો,
ભાઇને ભાવે રે લાડુ સેવૈયો;
સેવૈયો પડયો છે શેરીમાં,
ભાઇ તો રમશે મા'દેવની દેરીમાં;
દેરીએ દેરાએ દીવા કરૂં,
ભાઇને ઘેરે તેડાવી વીવા કરૂં;
વીવા કરતાં લાગી વાર,
ભાઇના મામા પરણે બીજી વાર.
હાં....હાં હાલાં !

હાલ્ય વાલ્યના રે હાકા,
લાડવા લાવે રે ભાઇના કાકા.
હાં....હાં હાલાં !

હાલ્ય વાલ્ય ને હુવા,
લાડવા લાવે રે ભાઇના ફુવા;

ફુવાના શા છે ફોક,
લાડવા લાવશે ગામનાં લોક;
લોકની શી પેર,
લાડવા કરશું આપણે ઘેર;
ઘરમાં નથી ઘી ને ગોળ
લાડવા કરશું રે પોર;
પોરનાં ટાણાં વયાં જાય,
ત્યાં તો ભાઈ રે મોટો થાય.
હાં....હાં હાલાં!

હાલ્ય વાલ્ય ને હેલ્ય,
વગડે વસતી રે ઢેલ્ય;
ઢેલ્યનાં પગલાં રે રાતાં,
ભાઈના કાકા મામા છે માતા.
હાં....હાં હાલા!

હાલ્ય વાલ્ય ને હડકલી,
ભાઈને ઓઢવા જોવે ધડકલી.
હાં....હાં હાલાં!

ભાઇ મારો છે વણઝારો,
સવા શેર સોનું લઈ શણગારો;
સોનું પડ્યું છે શેરીમાં,
ભાઇ મારો રમશે મા'દેવજીની દેરીમાં.
હાં....હાં હાલાં !

ભાઇને દેશો નૈ ગાળ,
ભાઇ તો રીસાઇ જાશે મોસાળ;
મોસાળે મામી છે જૂઠી,
ધોકો લઇને રે ઉઠી;
ધોકો પડ્યો છે વાટમાં,
ને ભાઇ રમે રે હાટમાં.
હાં....હાં હાલાં !

ભાઇ મારો છે ડાયો,
પાટલે બેસીને રે નાયો;
પાટલો ગ્યો રે ખસી,
ભાઇ મારો ઉઠયો રે હસી.
હાં....હાં હાલાં !

ભાઈ મારો છે સાગનો સોટો,
આવતી વહુનો ચોટલો મોટો.
હાં....હાં હાલાં !

ભાઈ મારો છે લાડકો,
જમશે ઘી સાકરનો રે વાટકો;
ઘી સાકર તો ગળ્યાં
ભાઇના વેરીનાં મ્હોં બળ્યાં;
ઘી સાકર ખાશે મારા બચુભાઈ,
વાટકો ચાટે રે મીનીબાઇ.
હાં....હાં હાલાં !

ભાઈ મારો છે રે રાંક,
હાથે સાવ સોનાનો છે વાંક;
વાંકે વાંકે રે જાળી,
ભાઈની સાસુ છે કાળી !
વાંકે વાંકે રે ઘુઘરી,
ભાઈની કાકી મામી છે સુઘરી !
વાંકે વાંકે મોતી થોડાં,
ભાઈને ઘેરે ગાડી ને ઘોડાં;

ઘોડાંની પડઘી વાગે,
ભાઇ મારો નીંદરમાંથી જાગે;
ઘોડાં ખાશે રે ગોળ,
ભાઇને ઘેરે હાથીની રે જોડ.
હાં....હાં હાલાં !

ભાઇ મારો છે ગોરો,
એની ડોકમાં સોનાનો રે દોરો;
દોરે દોરે રે જાળી,
ભાઇની કાકી રે કાળી.
હાં....હાં હાલાં !

ભાઇ મારો રે અટારો,
ઘી ને ખીચડી રે ચટાડો;
ઘી વિના ખીચડી લૂખી,
ભાઇના પેટમાં રે દુઃખી !
હાં....હાં હાલાં !

ભાઇ ભાઇ હું રે કરૂં,
ભાઇની વાંસે ભૂલી ફરૂં;

ભાઈને કોઇએ દીઠો,
ફુલની વાડીમાં જઇ પેઠો;
ફુલની વાડી વેડાવો,
ભાઈને ઘેરે રે તેડાવો.
હાં....હાં હાલાં !

હડય તૂતૂડા હાંકું,
ભાઈને રોતો રે રાખું;
તૂતૂડાં જાજો દૂર,
ભાઇ તો શીરાવશે દૂધ ને કૂર;
દૂધ ને કૂર તો લાગે ગળ્યાં,
ભાઈના આતમા રે ઠર્યા;
હડય તૂતૂડાં હસજો,
વાડીમાં જઈને રે વસજો.
હાં....હાં હાલાં !

*

૧૦

સૈયરમાં રમે

ઘુંબડી સૈયરમાં રમે
ઘુંબડી કાજળની કોર
ઘુંબડી આંબાની છાંય—ઘુંબડી૦

ગા દોવાને ગોણીઓ
ઉપર તાંબડી ઘુંબડ જાઇને કાજે
—ઘુંબડી૦

ધોરાજીનો ઢોલીઓ
પાટી હીરની ઘુંબડ જાઇને કાજે
—ઘુંબડી૦

શેરીએ રમે
સહુને ગમે
ઘુંબડી સૈયરમાં રમે.

ફળીએ રમે
ફઇને ગમે
ઘુંબડી સૈયરમાં રમે.

બારીએ રમે
બાપને ગમે
ધુંબડી સૈયરમાં રમે.

મેડીએ રમે
માને ગમે
ધુંબડી સૈયરમાં રમે.

બા'ર રમે
બે'નને ગમે
ધુંબડી સૈયરમાં રમે.

૧૧

દાદાની દીકરી

મારા વાડામાં એરડો દાદા
લાંબી લાંબી કાતળી દાદા
લાંબી લાંબી કાતળી.

એવી રૂપાળી કાતળી દાદા
માંડવડો રોપાવશું દાદા
માંડવડો રોપાવશું.

એવો રૂપાળો માંડવો દાદા
વેકરડી પથરાવશું દાદા
વેકરડી પથરાવશું.

એવી રૂપાળી વેકર દાદા
ઘંટુડે ભરડાવશું દાદા
ઘંટુડે ભરડાવશું.

એવો રૂપાળો લોટ દાદા
લાડુડી વળાવશું દાદા
લાડુડી વળાવશું

*એવા રૂપાળા લાડવા દાદા
કોરી ગાગરમાં ભરશું દાદા
કોરી ગાગરમાં ભરશું.

એવી રૂપાળી ગાગર દાદા
વેલ્યને ગંઠે બાંધશું દાદા
વેલ્યને ગંઠે બાંધશું

એવી રૂપાળી વેલ્ય દાદા
સૂરજ સામી જોડશું દાદા
સૂરજ સામી જોડશું.

એવો રૂપાળો સૂરજ દાદા
મોતીડે વધાવશું દાદા
મોતીડે વધાવશું.

• • •

* પાઠાન્તર :

એવા રૂપાળા લાડુ દાદા
વીરાને જમાડશું દાદા
વીરાને જમાડશું.

એવો રૂપાળો વીરો દાદા
બે'નને તેડવા જાશે દાદા
બે'નને તેડવા જાશે રે

એવી રૂપાળી બે'ની દાદા
બેડલે પાણી ભરશે દાદા
બેડલે પાણી ભરશે

એવું રૂપાળું બેડલું દાદા
કાળી છીપરે ફોડશું દાદા
કાળી છીપરે ફોડશું

એવાં રૂપાળાં મોતી દાદા
બેનની ડોકે બાંધશું દાદા
બેનની ડોકે બાંધશું.

એવી રૂપાળી બેન દાદા
સાસરીએ વળાવશું દાદા
સાસરીએ વળાવશું.

એવું રૂપાળું સાસરૂં દાદા
*ઢોચકે પાણી ભરશું દાદા
ઢોચકે પાણી ભરશું.

એવું રૂપાળું ઢોચકું દાદા
કાળી છીપરે ફોડશું દાદા
કાળી છીપરે ફોડશું.

એવી રૂપાળી છીપર દાદા
હળદરડી વટાવશું દાદા
હળદરડી વટાવશું.

---

* બેડલે

એવી રૂપાળી હળદર દાદા
દેરની મૂછે ભૂંસશું દાદા
દેરની મૂછે ભૂંસશું.

એવી રૂપાળી મૂછ દાદા
ઉંદરડાની પુંછ !

૧૨

આવજો માવા !

મારે ઘેરે આવજે માવા,
સવારે ઢેબરૂં ખાવા.

પીતળ લોટા જળભર્યા ને
દાતણ દાડમી દેશ,
કાનજી રે તારૂં મુખ લૂવાને
રેશમી રૂમાલ દેશ—મારે૦

ત્રાંબાકુંડી જળભરી ને
અંઘોળ વેળા થઈ,
કાનજી રે તારૂં ડીલ લૂવા હું
રેશમી પાંભર દેશ—મારે૦

સવારે ઉઠીને જાવું
નંદ તણે દરબાર,
માતા જશોદા કાન જગાડો,
મંદર મારે આવ—મારે૦

બાજરા કેરાં ઢેબરાં કરૂં
ને તળતાં મેલું તેલ,
આથાણું, પાપડ, કાચરી, ઉપર
દહીંનું દડબું મેલ—મારે૦

હરિ બંધાવું હીંચકો ને
હીરલા દોરી હાથ,
હળવે હળવે હીંચકો નાખું
પોઢો દીનાનાથ—મારે૦

મોરે આંગણ વાડીયું માવા,
ચોખલીઆળી ભાત,
ઉનો ઉનો પોંક પાડું ને
ગોળલે પીરસું ખાંડ—મારે૦

૧૩

મારી ગાવડી દોવા

લગારેક નંદના છૈયા રે
આવ્યે મારી ગાવડી દોવા!

મારી ગા તો તુજને હળી ને તુજને દોવા દે,
રોજનો પૈસો રોકડો માવા મુખડે માગી લે
—લગારેક૦

મડ પૂળો ને ખાણુ નીરૂં, આડડી ઉભી રહું,
કાનજી રે મારી આળ કરો તો જશોદા માને કહું
—લગારેક૦

હાં કરે હીંહોરા કરે ખડ પૂળો નો ખાય,
એમ કરૂં તોય પાટુ મારે એને કોણ દોવાને જાય
—લગારેક૦

૧૪

વાછડલી હરેડી

વાછડલી હરેડી રે
રામ ! તારી વાછડલી હરેડી !

ઇ રે વાછડલીને ખીલા રે જોશે,
કેળયના ખીલા ખોડો રે—રામ૦

ઇ રે વાછડલીને મોરી રે જોશે,
હીરની મોરીયું ગંઠો રે—રામ૦

ઇ રે વાછડલીને પાણી પાવા છોડી,
ભર્યાં સરોવર ફોડયાં રે—રામ૦

ઇ રે વાછડલીને ચરવા રે છોડી,
પટેલનાં ખેતર ભેળ્યાં રે—રામ૦

ઈ રે વાછડલીને દો'વા રે બેઠી,
નવ નવ ગોણીયાં ફોડયાં રે–રામ૦

ઈ રે વાછડલીની છાશ કરવા બેઠી,
નવ નવ નેતરાં તોડયાં રે–રામ૦

ઈ રે વાછડલીનાં ઘી વેચવા હાલી,
*વરતેજના વાણીયા વઢીયા રે
રામ તારી વાછડલી હરેડી !

* કોઈ પણ ગામનું નામ મૂકાય છે.

૧૫

ગાવડી દ્યો !

ગાવડી દ્યો ગોપાળ લાલ !

ગાવડી દ્યો ગોપાળ લાલા, મારે અયણું ને રેવાય રે
ગાવડી દ્યો ગોપાળ લાલ !

એવી પરભુ મને ગાવડી દો
    મને ત્રણ ટાણાં દૂધ પાય રે—ગાવડી૦

મુંજી ગોરી અને માંકડી દેજો!
    મારૂં મન લીલડીએ લલચાય રે;
એવી પરભુ મને ગાવડી દેજો!
    કે વછડીએ વીંચાય રે—ગાવડી૦

મોરી સોતી આપજો માવા!
    (મારાથી) ખીલા ને ખોડાય રે;
એવી પરભુ મને ગાવડી દેજો!
    કે આફરડી બંધાય રે—ગાવડી૦

ખડ પૂળો ને ખાણ દેજો!
    (મારાથી) ઉભું ને થવાય રે;
એવી પરભુ મને ગાવડી દેજો!
    કે આફરડી દોવાય રે—ગાવડી૦

નેણ કસુંબી નેતરાં દેજો!
    મારાથી છાશું નહિ ફેરાય રે;
એવી પરભુ મને ગાવડી દો
    ઘીનાં ડાબરીયાં ભરાય રે—ગાવડી૦

ખડ ખવરાવી પાણી પાજો
(મારાથી) ઉભું નૈ થવાય રે;
પુરષોતમજી નીરજો પૂળા
ગુણ નરસૈયો ગાય રે—ગાવડી૦

૧૬

ભોળી જમના

સોનલા ઇંઢોણી રે ભોળી જમના
રૂપલાનું બેડું રે ભોળી જમના
વીશ બેડાં ભરિયાં રે ભોળી જમના
એક બેડું ખાલી રે ભોળી જમના
ત્યાં તો બાળ ઉડયાં રે ભોળી જમના
કેમ દોરી તાણી રે ભોળી જમના
આમ દોરી તાણી રે ભોળી જમના
પછી ખેતર ગ્યાં'તાં રે ભોળી જમના
ત્યાં તો હરણ આવ્યાં રે ભોળી જમના
કેમ હરણ ઠેકે રે ભોળી જમના
આમ હરણ ઠેકે રે ભોળી જમના

૧૭

જનેતાના હૈયામાં

[સાચી વાત તો એમ છે કે કૃષ્ણ દેવકીજીને પેટ કંસના કેદખાનામાં જન્મેલા, ને પછી એના પિતાજી વસુદેવ એમને છાનામાના નંદ–જશોદાને ઘેર મૂકી આવેલા. પણ આ ગીતમાં તો ઇતિહાસ અળગો મૂકાયો છે. મુખ્યત્વે તો આ ગીતમા સગર્ભા માતાનું મધુર ચિત્ર ઉભું કરવાનો આશય છે. મહિને મહિને શાં શાં ચિહ્નો જણાય, અને બાલ–જન્મ સમયે શી શી વિધિઓ કરાય, તેનું વર્ણન છે.]

§

એક દેવકી જશોદા બે બેનડી
હરનું હાલરડું,
બે બેની પાણીડાંની હાર્યું રે
ગોવીંદજીનું હાલરડું.

દેવકી પૂછે જશોદા કેમ દૂબળાં રે
હરનું હાલરડું,
બાઇ તારે તે કેટલા છે માસ રે
ગોવીંદજીનું હાલરડું.

મેં તો સાત જણ્યાં તોય વાંઝીયાં રે
હરનું હાલરડું,
હવે આહમાની કરવી શી આશ રે
ગોવીંદજીનું હાલરડું.

પેલે માસે તે જાણ્યું અજાણ્યું રે
હરનું હાલરડું,
બીજે માસે તે હૈડામાં જાણ્યું રે
ગોવીંદજીનું હાલરડું.

ત્રીજે માસે સૈયરને સંભળાવીયાં રે
હરનું હાલરડું,
ચોથે માસે તે ચૂરમાંના ભાવા રે
ગોવીંદજીનું હાલરડું.

પાંચમે માસે તે પંચમાસી બાંધી રે
હરનું હાલરડું,
છઠ્ઠે માસે મૈયર કાગળ મેલ્યા રે
ગોવીંદજીનુ હાલરડું.

સાતમે માસે તે ખોળલા ભરીઆ રે
હરનું હાલરડું,
આઠમે માસે મૈયરીએ વળાવ્યાં રે
ગોવીંદજીનું હાલરડું.

નવમે માસે તે કાન કુંવર જલમીયા રે
હરનું હાલરડું,
સોના છરીએ તે નાળ વધેર્યાં રે
ગોવીંદજીનું હાલરડું.

એ તો રૂપલાની કોશે ભંડાર્યાં રે
હરનું હાલરડું,
પાણી સાટે દુધડીએ નવરાવ્યાં રે
ગોવીંદજીનું હાલરડું.

ચીર સાટે તે ચીરમાં વીંટાળ્યાં રે
હરનું હાલરડું,
ચોખા સાટે મોતીડે વધાવ્યાં રે
ગોવીંદજીનું હાલરડું.

બાર વાસાનું બાળક બોલીયું રે
હરનું હાલરડું,
માડી મને રમકડાં લૈ આલો રે
ગોવીંદજીનું હાલરડું.

સોના ગેડી ને રૂપલા દડુલીયો રે
હરને હાલરડું,
જળ જમનાને કાંઠડે દોટાવ્યો રે
ગોવીંદજીનું હાલરડું.

૧૮

મારા કાનકુંવરની ઝૂલડી

[કૃષ્ણજીની આંગડી ખોવાઇ. ત્યાં તો માતા જશોદાજી આકળા બેઆકળાં થઇ ગયાં. એનાં મનમાં તો એમ કે મારા દીકરા વગર બીજા કોઇને એ વસ્ત્ર ઓપે જ નહિ ! મનમાં થયું કે પેલો ટિખળી નારદજી જ મારા બેટાની ઝુલડી ચોરાવી ગયો હશે ! એને બોલાવી, આકરા સમ ખવરાવી, એનું સાચ નક્કી કરવા હું ધગધગતો ગોળો ઉપડાવીશ !]

§

ધન્ય ગોકળીયું ધન્ય વનરાવન,
ધન્ય ગોકળની નારી
માત જસોદા ધોવા ગ્યાં'તાં
ઝૂલડી વિસારી
કોઇને જડી હોય તો દેજો
મારા કાનકુંવરની ઝૂલડી.

સાવ સોનાની ઝૂલડી
મહીં રૂપાના છે ધાગા,

અવર લોકને અરઘે નહિ
મારા કાનકુંવરના વાઘા
કોઇને જડી હોય તો દેજો
મારા કાનકુંવરની ઝૂલડી.

શેરીએ શેરીએ સાદ પડાવું
ઘર ઘર હીંડું જોતી,
ઝૂલડીને છેડે મારાં
અમૃત સાચાં મોતી
કોઇને જડી હોય તો દેજો
મારા કાનકુંવરની ઝૂલડી.

ધમણ ધમાવું ગોળા તપાવું
નારદને તેડાવું,
ઝૂલડીને કારણ એને
તાતા સમ ખવરાવું
કોઇને જડી હોય તો દેજો
મારા કાનકુંવરની ઝૂલડી.

૧૯

કાનાની પછેડી

નવાનગરમાં નવલી વાત,
કાન ઘડાવે નવસર હાર;
હાર ઘડાવતાં લાગી વાર,
કાન પછેડી રહી કમાડ!

આવી લુવારણ દીવડો લઇ,
વળતાં પછેડી લેતી ગઇ;
તેડાવો લુવારણ ચલવો જાણ,
તેં કેમ લૂંટયાં ગોકળ ગામ!

નથી લૂટયાં અમે ગોકળ ગામ,
નથી દુભ્યા અમે શ્રી ભગવાન;
કેસી પછેડી કેસી ભાત,
કેસો કાનુડો કેસી રાત!

ધોળી પછેડી ઢૂંઢણુ ભાત,
કાળો કાનુડો આઠમ રાત;
ઓસીકે મેલીને કાન પાંગતે જુવે,
પછેડી સંભારી કાન ધ્રૂશકે રૂવે !

આવી સુતારણ બાજોઠ લઇ,
વળતાં પછેડી લેતી ગઇ;
તેડાવો સુતારણ ચલવો જાણ,
તે કેમ લૂંટયા ગોકળ ગામ!

નથી લૂંટયા અમે ગોકળ ગામ,
નથી દુભ્યા અમે શ્રી ભગવાન;
કેસી પછેડી કેસી ભાત,
કેસો કાનુડો કેસી રાત !

પીળી પછેડી પોપટ ભાત,
કાળો કાનુડો આઠમ રાત;
ઓશીકે મેલીને કાન પાંગતે જુવે,
પછેડી સંભારી કાન ધ્રૂશકે રૂવે !

આવી કુંભારણ માટલાં લઇ,
વળતાં પછેડી લેતી ગઇ;
બોલાવો કુંભારણ ચલવો જાણ,
તેં કેમ લૂંટયાં ગોકળ ગામ !

નથી લૂંટયાં અમે ગોકળ ગામ,
નથી હુવ્યા અમે શ્રીભગવાન;
કેસી પછેડી કેસી ભાત,
કેસો કાનુડો કેસી રાત !

રાતી પછેડી રીંગણ ભાત,
કાળો કાનુડો આઠમ રાત;
ઓસીકે મેલીને કાન પાંગતે જુવે,
પછેડી સંભારી કાન ધ્રૂશકે રૂવે !

૨૦

નંદ કિશોર

નંદ કિશોર રે નંદ કિશોર
ઝૂલે પારણીયે નંદ કિશોર.
સોનાના મોર ઝૂલે નંદ કિશોર
પ્યારાને પારણે સોનાના મોર !

કોઇ રે કાનાને નેણે સારો કાજળીયાં
ફરતી મેલાવો રૂડી કસુંબલ કોર—પ્યારાને૦

હીરા માણેક તો જડીયાં પારણીયે
કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર—પ્યારાને૦

સોનાનાં સોગઠાં રૂપાનાં રમકડાં
કાનો કરે છે માંહી મીઠાં કલ્લોલ—પ્યારાને૦

હેતે કરીને ગોપી હરિને ઝૂલાવે
હાથે શોભે છે રૂડી હીરલાની દોર—પ્યારાને૦

બ્રહ્માનંદ કહે ખમા રસિયા વાલમને
અવિચળ રહો રાધેકૃષ્ણની જોડ—પ્યારાને૦

૨૧

પારણીયામાં પોઢ્યા

અળોળોળો હાલ્ય વાલ્ય રે
પ્રીતમ પારણીયામાં પોઢ્યા.

ઘણા સોનાનું પારણું ને
ફોરે વિજળી ચળકે,
પારણીયાને ફેર ફરતી
રતન ચૂનીયો ઝળકે—અળોળોળો૦

સોનાની સાંકળીઓ સુંદર
રેશમની છે દોરી!
ચાર ખુણે ચંદરવા ટાંક્યા
વચ્ચે સૂરજની જોડી—અળોળોળો૦

મોર ચકલીઓ પૂતળીઓ ને
ઝુમખડાં સોનાનાં,
રૂમઝુમ રૂમઝુમ બજી રહ્યાં
મારા લાલ રહેને છાના—અળોળોળો૦

હીર ચીરનાં આળોતીયાં ને
હાથમાં ધાવણી ઝાલી,
લાડકવાયો બાળક ઝૂલે
મે'ર કરી મતવાલી—અળોળોળો૦

બાડ થઇ જશોદાને મંદિર
જોવા છેલ છબીલા,
પગ તળીએ પીલાઇ ગયા
પ્રેમીજન ભગતી વાળા—અળોળોળો૦

૨૨

માતા અનસૂયા ઝૂલાવે

[બ્રહ્મા, વિષ્ણુ અને શંકર, ત્રણે દેવ હતા. તેણે સાંભળેલું કે ધરતી પર અત્રિ નામના ઋષિને એક અનસૂયા નામે અતિશય રૂપાળી સતી સ્ત્રી છે. તેઓ ભિક્ષા લેવાને બહાને ઋષિના આશ્રમમાં આવ્યા. સતી એકલાં જ હતાં. દેવો કહે કે "સતિ! તમે અમને નગ્ન સ્વરૂપે ભિક્ષા આપો!" સતી તો બોલે બંધાયાં હતાં. વળી પોતાનું શિયળ પણ સાચવવું હતું. એના શિયળને પ્રતાપે એણે ત્રણે દેવોને નાનાં છોકરાં બનાવી લીધાં. ઘોડીયામાં નગ્ન રૂપે સૂવાડીને હીંચોળ્યાં, અને પાપી મનવાળા દેવો ઉલટા લજવાઇને ચાલ્યા ગયા.]

§

માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

ત્રણે દેવો આવ્યા અત્રિ ઋષિને આશ્રમે રે
માતા અનસૂયાનું સત છોડાવા કાજ—માતા૦

અતિથિ રૂપે આવ્યા ભિક્ષા લેવા કારણે રે
સતી દિગમ્બર રૂપે ભિક્ષા આપો આજ—માતા૦

સતીએ અંજલિ ભરીને દેવોને માર્જન કર્યાં રે;
બનીયા બાળક રૂપે ત્રણે અતિથિ દેવ
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

માએ પૂતર ભાવે પયનાં પાન કરાવીયાં રે;
તેનાં પુન્ય તણો ત્યાં રહ્યો નહિ કાંઇ પાર
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

વાઢ્યા આલા લીલા ચોગઠ ચારે વાંસડા રે;
તેનો ઘડીઓ છે કાંઇ પારણીયાંનો ઘાટ
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

પારણું વળગાડયું છે આંબા કેરી ડાળીએ રે;
તેમાં પોઢાડ્યા છે ત્રણે અતિથિ બાળ
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

સતીએ હીરલા દોરી લીધી છે કંઇ હાથમાં રે;
માતા હલ વલ! હલ વલ! કરી હાલરડાં ગાય
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

મારા કાળા ગોરા ઘઉંલા કુંવર કાનજી રે;
તમારા નામ ઉપરથી જાઉં હું તો બલિહાર
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

બ્રહ્મા, વિષ્ણુ, શંકર બાળા પોઢો પારણે રે;
સૂઈ જાવ ઉમીયા, લખમી, સાવિત્રીના કંથ
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

પ્રભુએ મેર કરી મનગમતાં બાળક આપીયાં રે;
ભાંગ્યા વાંઝી–મેણાં અતિ ઘણો આનંદ
માતા અનસૂયા ઝૂલાવે પૂતર પારણે રે!

કાકા, મામા, માશી બોલો મારા બાળકાં રે!
જે કોઇ બોલે એને આપું ફુલનો હાર!
માતા અનસૂયા ઝુલાવે પૂતર પારણે રે!

ત્રણ સતીયું ચાલી માતા પાસે જાચવા રે;
માતા અનસૂયાજી આપો અમારા કંથ
માતા અનસૂયા ઝુલાવે પૂતર પારણે રે

માતા અનસૂયાજી મુખથી એવું બોલીયાં રે;
સતીયું ઓળખી લ્યો તમ સહુસહુના ભરથાર
માતા અનસૂયા ઝુલાવે પૂતર પારણેરે

૨૩

થેઇ ! થેઇ !

[બાળકને ચાલતાં શીખવતી વેળા માતા આ ગીત ગાય છે. અને બાળકનો હાથ ઝાલી ડગલાં ભરાવે છે. ગીતનો તાલ બાળકની પહેલવહેલી થેઇ ! થેઇ ! પગલી જેવો જ છે !]

ડગમગ ! ડગમગ ! ડગલાં ભરતા
હરજી મંદિર આવ્યા,
પગમાં ડાક જશોદા માએ
ગોકુળમાં ચલાવ્યા

થેઇ થેઇ ચરણુ ભરોને કાન
વેંચું મુક્તાફળ ને પાન !

સારી સારી સુખડીયું તારા
ગુંજલીયામાં ઘાલું;
મોતીસરના લાડવા તારા
હાથડીયામાં આલું રે—થેઇ થેઇ૦

પવા મગાવું, દૂધે પલાળું
હરિને ફીણી આલું;
શેરડીનો સાંઠો મગાવું
છોલાવું મગ છોલું—થેઇ થેઇ૦

તાલ ટાંચકા શંખ ફેરકણાં
ઉભાં ઉભાં મંગાવું;
રેશમ દોરી પટવા કેરી
ફુમક ચોક નખાવું—થેઇ થેઇ૦

[બાળક એ કશું લેવા ના પાડે છે.
એ તો માગે છે આકાશી ચીજો !]

તારામંડળમાં તકતો દિસે
તે મારે ગંજવે ઘાલો;
ચાંદલિયો ચુંટીને મારા
હાથડીઆમાં આલો રે—થેઇ થેઇ૦

એવાં રૂપાળાં રમકડાં
માતાજી મુજને આલો !
આરા તારા વીણીને મારા
ગુંજવડામાં ઘાલો—થેઇ થેઇ૦

અમે પ્રભુજી અલપ જીવડો
    તમથી લેવાય તો લ્યો રે–થેઇ થેઇ૦

સોના ચકરડી લાલ ભમરડી
    આકાશેથી ઉતારી;
પ્રભુ તમારી લાલ કસુંબલ
    મુખડાની બલિહારી !

થેઇ થેઇ ચરણ ધરોને કાન
ચેંચું મુકતાફળ ને પાન !

૨૪

જુગના આધાર

દેવકીજીને શ્રી કૃષ્ણ જલમીયા !
    કે જલમ્યા જુગના આધાર
        જલમ્યા જુગના આધાર
ત્રિભોવન તારા રે ઉઘડ્યા !

ઉઘડ્યા રાજ દરબાર
ઉઘડ્યા રાજ દરબાર
નંદજીને ગઇ રે વધામણી.

શી શી રે આલું વધામણી !

કે આલ્યાં રતન બે ચાર
આલ્યાં રતન બે ચાર
જશોદાએ જોશી તેડાવીઆ !

કે જોશી જો રૂડા જોશ
જોશી જો રૂડા જોશ
કેવા નખતરમાં જલમીયા !

રૂડા નખતરમાં જલમીયા !
કે તેનું શ્રીકૃષ્ણ નામ
જુગમાં થાશે જો જાણ
સોસશે પુતનાના પ્રાણ
મામા કંસને રે મારશે !

સોન' રૂપાનું રે પારણું
કે પોઢશે નંદ કિશોર
પોઢશે નંદ કિશોર
જાદવકુળની રે ગોદડી.

હીરના બાંધ્યા છે દોર
હીરના બાંધ્યા છે દોર
હરખે હાલરડું ગાય છે.

રો મા ! રો મા ! રે બાળકા !
બારણે બેઠું છે હાઉ !
બારણે બેઠું છે હાઉ !

મા મને હાઉલું દેખાડ્ય
મા મને હાઉલું દેખાડ્ય
હાઉ છે લંકા લખેશરી !

માડી મને નવ જાણીશ નાનકો !
કે કાલે મોટેરો થૈશ
કાલે મોટેરો થૈશ !
વેરી મારીશ હું આપણા.

સોના રૂપાની રે ગોળીયું;
કે ગોળીએ વળગ્યા મા'રાજ
ગોળીએ વળગ્યા મા'રાજ
ગોળી ફોડી કટકા કર્યા.

કટકા કરીયા દસવીસ
કટકા કરીયા દસવીસ
જશોદાને ચડીયેલી રીસ
ઢીંકા માર્યા દસવીસ
કાનો ચાલ્યા છે રીસામણે !

•

વાટે જાતા કોઇ વાળો
વાટે જાતા કોઇ વાળો
રાંધુ ખીર ખાંડુ રોટલી.

ગોણીએ રેડાવું ઘી
ગોણીએ રેડાવું ઘી
કૂર રંધાવું કમોદની

લવીંગ સોપારી ને એળચી
બીડલાં વાળો મા'રાજ !
મુખમાં મેલો મા'રાજ !
ઢાળું ઢળકતા ઢોલીઆ

કે પોઢો મારાં બાળક !
પોઢો મારાં બાળક !